




Wednesday, 14 January 2026

પાના : ૮ ● કિંમત : રૂા. ૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906




પ્રથમ તેઓ તમને અવગણવું, પછી તેઓ તમારે હસી કરવા માટે, પછી તેઓ તમારી સાથે લડવા માટે, પછી તમે જીતો છો. - મહાત્મા ગાંધીજી


દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૫ ● સંવત-૨૦૮૨ પોષ વદ અગિયારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD


## દમણ જિલ્લા પંચાયતના સભ્યોએ સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલની લીધેલી સૌજન્ય શુભેચ્છા મુલાકાત




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધરમ પટેલની અધ્યક્ષતામાં જિ.પં.ના તમામ સભ્યોએ દાનહ અને દમણ-દીવ તથા લક્ષદ્વીપના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ સાથે સૌજન્ય શુભેચ્છા મુલાકાત કરી હતી તે વેળાની તસવીર.

## દાનહના સીલીમાં નહેર ઉપરના બ્રિજનું કામ અધ્ધરતાલઃ લોકો પરેશાન

**છેલ્લા સાત મહિનાથી બંધ કરવામાં આવેલા પુલના કારણે ૬થી વધુ ગામોના લોકોએ રોજના ૭ થી ૮ કીલોમીટરનો ભેદવા પડી રહેલો ચકરાવોઃ સમયમર્યાદામાં કામો પુરા કરવા લોકોની માંગ**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૩**

દાદરા નગર હવેલીમાં વિકાસની રફતાર શહેરથી ગામડા સુધી પહોંચતા જાણે કે હાંફી ગઈ છે. છેલ્લા સાત મહિનાથી બંધ પડેલ સીલી ગામના નહેર ઉપરના નાના પુલ પર અધુરા કામ અને તંત્રની ઉદાસીનતાના કારણે ગામલોકોની ધરાર ઉપેક્ષા થઈ રહી હોવાનું નજરે પડી રહ્યું છે.

છેલ્લા ૭ મહિનાથી બંધ કરાયેલા સીલી ગામ ખાતેના દમણગંગા નહેર ઉપરના બ્રિજથી હરદુનપાડા, વાંગરીપાડા, કુવાપાડા, ગુલાબપાડા, ચોકીપાડા અને કુંબાપાડા જેવા ગામો સીધી રીતે પ્રભાવિત છે. આ ગામના લોકોએ સાતથી આઠ કિલોમીટરથી વધુનો ચકરાવો લગાવવો પડે છે. જેના કારણે સમય સાથે નાણાંનો પણ વ્યય થઈ રહ્યો છે.

ચોમાસા દરમ્યાન પુલની જર્જરિત હાલતના કારણે જિલ્લા પ્રશાસને સુરક્ષાના નામે આ પુલને બંધ કરવામાં આવ્યો હતો. અધૂરા પુલના કારણે હાલના દિવસોમાં મુસીબતે બાઈક પસાર થાય છે. પરંતુ ફોર વ્હીલર માટે તો સદંતર જ બંધ છે. જેથી તેઓને ગલોન્ડા, કિલવણી થઈને પસાર થવું પડે છે. આ વિસ્તારમાં કેટલીક ઈન્ડસ્ટ્રીઝ આવેલ છે જેમાં મોટી સંખ્યામાં કામદારો અને રોજ આવન-જાવન કરે છે, આ પુલથી થોડા અંતરે જ સરકારી અને પ્રાઈવેટ શાળાઓ પણ આવેલી છે. જેમાં હજારોની સંખ્યામાં બાળકો ભણવા આવે છે. પુલ બંધ હોવાને કારણે એની અસર અવરજવર સુધી સીમિત નથી રોજગાર, શિક્ષણ અને આર્થિક ગતિવિધિ પર સીધો પ્રહાર કરી રહી છે. છતાં પણ પ્રશાસનિક સંવેદનશીલતા આ પુલની આજુબાજુ કશે જ જોવા નથી મળતી. સીલી ગામનો નહેર પરનો પુલ લગભગ છેલ્લા સાત મહિનાથી અધૂરો છે. જેના કારણે સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવાના દાવા પર સવાલો ઉભા થઈ રહ્યા છે. આજુબાજુના ગામના લોકોની માંગ છે કે પ્રશાસન દ્વારા આ પુલનું કામ ઝડપી પૂર્ણ કરવામાં આવે જેથી સ્થાનિકોને રાહત મળી શકે.

## મકરસંક્રાંતિ (ઉત્તરાયણ) પર્વ નિમિત્તે દીવની વાત્સલ્ય સંસ્થા દ્વારા પતંગોત્સવની કરાયેલી ઉજવણી






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૩**

આજે સવારે દીવની વાત્સલ્ય સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોને પતંગોત્સવની ઉજવણી કરવા માટે દીવનાં ચક્રતિર્થ બીચ નજીક ખુખરી મેમોરિયલ શેડ ખાતે લઈ જવામાં આવ્યા. જ્યાં મનોદિવ્યાંગ બાળકોએ દરીયા નજીક ભરપૂર સુસવાટા મારતાં પવનના સથવારે પતંગ ઉડાડવાનો ભરપૂર આનંદ માણ્યો હતો. ચીકી, તલનાં લાડું, ચોકલેટ અને ખજુરનાં આસ્વાદના સથવારે બાળકોએ હર્ષોલ્લાસ સાથે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનો ખર્ચ સંસ્થાના દાતાશ્રીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન દેખરેખ માટે સંસ્થાના સેક્રેટરી શ્રી કિશોરભાઈ કાપડિયા અને ટ્રેઝરર શ્રી ઉસ્માનભાઈ વોરા ઉપસ્થિત રહીને સ્ટાફ સાથે મદદરૂપ થયાં હતાં.

શ્રી જગદ્‌ગુરુ નરેન્દ્રાચાર્ય મહારાજ સંસ્થાન દ્વારા

## દમણ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સહયોગથી આયોજીત રક્તદાન શિબિરમાં ૭૮ યુનિટ રક્ત એકત્ર કરાયું

**ડી.આઈ.એ. પ્રમુખ પવન અગ્રવાલની રહેલી વિશેષ ઉપસ્થિતિ**






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૩**

શ્રી જગદ્‌ગુરુ નરેન્દ્રચાર્ય મહારાજ સંસ્થાન દ્વારા દમણ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સહયોગથી સમાજની સેવા અને ઉદ્યોગોમાં સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે રક્તદાન શિબિરનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડી.આઈ.એ. પ્રમુખ શ્રી પવન અગ્રવાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે શિબિરમાં ઔદ્યોગિક સભ્યો, કર્મચારીઓ અને સ્વયંસેવકોનો ઉત્સાહજનક પ્રતિસાદ જોવા મળ્યો. શિબિર દરમિયાન કુલ ૭૮ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું, જે જીવન બચાવવા અને જરૂરિયાતમંદ દર્દીઓને ટેકો આપવામાં નોંધપાત્ર યોગદાન આપશે. આયોજકોએ તમામ રક્તદાતાઓના નિઃ સ્વાર્થ યોગદાન બદલ તેમજ શિબિરના સુગમ અને સલામત સંચાલનને સુનિશ્ચિત કરનાર તબીબી ટીમ અને સ્વયંસેવકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. આવી પહેલ સમુદાય કલ્યાણ અને માનવતાવાદી મૂલ્યો પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આયોજકોએ નિયમિત રક્તદાનના મહત્ત્વ પર પણ ભાર મૂક્યો અને સમાજની સુધારણાં માટે ભવિષ્યમાં સામાજિક પહેલોમાં સક્રિયપણે ભાગ લેવા માટે વધુ ઉદ્યોગો અને વ્યક્તિઓને અપીલ કરી.

## દીવના માલાલા ખાતે એક પાણી ભરેલા ખાડામાં આખલો પડી જતા ફાયર વિભાગના જવાનોએ બહાર કાઢ્યો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૩**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના માલાલા ખાતે અચાનક એક આખલો ભરેલા પાણીના ખાડામાં પડી જતા ફસાયો હતો. ત્યારે દીવ વૈદિક ચેરિટેબલ ટ્રસ્ટના સદસ્ય પ્રિયાંક લાલજીને ખબર પડતા તેમને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડના જવાનો ઘટના સ્થળે પહોંચી અને આખલાને બહાર કાઢવામાં આવ્યો હતો. આ પ્રસંગે વૈદિક ચેરિટેબલ ટ્રસ્ટના સભ્ય પ્રિયાંક લાલજી તથા સ્થાનિકો પણ પહોંચી અને આખલાને બહાર કાઢવામાં મદદ કરી હતી.

**વર્તમાન પ્રવાહ**

**અંક બંધ રહેશે**

આજે **મકરસંક્રાંતિ પર્વ** નિમિત્તે **'વર્તમાન પ્રવાહ'** કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી **તા.૧૫-૦૧-૨૦૨૬ને ગુરૂવારનો અંક પ્રગટ થશે નહીં.** તા.૧૬ જાન્યુઆરીથી અંક રાબેતા મુજબ પ્રગટ થશે. જેની એજન્ટો, ફેરિયાબંધુઓ, વાંચકો, વિજ્ઞાપનદાતાઓ તથા લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

**- લિ. વ્યવસ્થાપક**




## સુવિચાર - સદ્વિચાર

કમળપત્ર ઉપરનું પાણી બનો
જળમાં રહીને પણ ભીના ન થાઓ.

## કવિતા-ભજન-પદ-ગરબા

### ગણી બતાવ...

ગણવું જ કાંઈ હોય તો થડકા ગણી બતાવ,
તેં ફેરવેલ શ્વાસના મણકા ગણી બતાવ.

દુષ્કાળના માઠા વરસમાં આંગણે મૂકી,
ઊડી ગયેલ પંખીનાં પગલાં ગણી બતાવ.

વહેલી સવારે ખીણમાં ફેંકે અવાજ તું,
ને એ પછી તૂટી જતા પડઘા ગણી બતાવ.

તલવાર જેવો છે સમય, લાચાર તું, હવે?
ભાંગી પડેલ જીવના સણકા ગણી બતાવ.

એકાદ બે કે પાંચ-પચ્ચીસ કે વધુ હશે?
તારા વિષેની તું બધી અફવા ગણી બતાવ.

વાતો કરી છે જાત સાથે એમ તો હરીશ,
રાખ્યા છે કિંતુ કેટલા પડદા? ગણી બતાવ.

-હરીશચંદ્ર જોશી

## આજની જોક

શિક્ષક : મનુ જે વ્યક્તિનો જન્મ ૧૯૮૦માં થયો હશે તેની હાલમાં ઉંમર કેટલી હશે?
મનુ: સાહેબ, મને પહેલા એ કહો કે એ વ્યક્તિ સ્ત્રી છે કે પુરુષ?

## કબીર વાણી

**માંગન મરણ સમાન હૈ, મતિ માંગો કોઈ ભીખ।**
**માઁગન સે તો મરના ભલા,યહ સતગુરુ કી સીખ ॥**

**- અર્થાત-**

આ દોહો કબીર સાહેબનો છે, જેનો અર્થ છે કે માંગવું એ મરવા સમાન છે, કોઈની પાસે ભીખ (મદદ) ન માંગવી; માંગવા કરતાં તો મરી જવું સારું, આ સદગુરુની શીખ છે, જે શીખવે છે કે આત્મસન્માન અને આત્મનિર્ભરતા સર્વોપરી છે, અને દેહ રાખવા છતાં માંગણીથી બચવું એ મોક્ષના માર્ગ સમાન છે.

## આજનો દિન વિશેષ

### જગદગુરુ રામાનંદાચાર્ય સ્વામી રામભદ્રાચાર્ય



જગદગુરુ રામાનંદાચાર્ય સ્વામી રામભદ્રાચાર્ય (જન્મ ગિરિધર મિશ્રા ૧૪ જાન્યુઆરી ૧૯૫૦) ભારતના ચિત્રકૂટમાં રહેતા એક ભારતીય હિન્દુ આધ્યાત્મિક નેતા, શિક્ષક, સંસ્કૃત વિદ્વાન, બહુભાષી, કવિ, લેખક, ગ્રંથ વિવેચક, દાર્શનિક, સંગીતકાર, ગાયક, નાટ્યકાર અને કથા કલાકાર છે. તેઓ ચાર વર્તમાન જગદગુરુ રામાનંદાચાર્યોમાંના એક છે,અને ૧૯૮૮થી આ પદવી ધરાવે છે.

રામભદ્રાચાર્ય તુલસીદાસના નામ પરથી ચિત્રકૂટમાં આવેલી ધાર્મિક અને સામાજિક સેવા સંસ્થા, તુલસી પીઠના સ્થાપક અને વડા છે. તેઓ ચિત્રકૂટમાં જગદગુરુ રામભદ્રાચાર્ય વિકલાંગ યુનિવર્સિટીના સ્થાપક અને આજીવન કુલપતિ છે, જે ફક્ત ચાર પ્રકારના વિકલાંગ વિદ્યાર્થીઓને સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો પ્રદાન કરે છે.રામભદ્રાચાર્ય બે મહિનાની ઉંમરથી અંધ હતા, સત્તર વર્ષની ઉંમર સુધી તેમને કોઈ ઔપચારિક શિક્ષણ મળ્યું ન હતું, અને તેમણે ક્યારેય બ્રેઈલ કે અન્ય કોઈ સાધનનો ઉપયોગ શીખવા કે રચના કરવા માટે કર્યો નથી. રામભદ્રાચાર્ય ૨૨ ભાષાઓ બોલી શકે છે અને ભોજપુરી, સંસ્કૃત, હિન્દી અને અન્ય ઘણી ભાષાઓમાં સ્વયંભૂ કવિ અને લેખક છે. તેમણે ૨૪૦ થી વધુ પુસ્તકો અને ૫૦ પેપર લખ્યા છે,જેમાં ચાર મહાકાવ્ય,તુલસીદાસના રામચરિતમાનસ પર હિન્દી ભાષ્ય અને અષ્ટાધ્યાયી પર શ્લોકમાં સંસ્કૃત ભાષ્ય હનુમાન ચાલીસા અને પ્રસ્થાનત્રયી શાસ્ત્રો પર સંસ્કૃત ભાષ્યનો સમાવેશ થાય છે.તેઓ સંસ્કૃત વ્યાકરણ, ન્યાય અને વેદાંત સહિત વિવિધ ક્ષેત્રોમાં તેમના જ્ઞાન માટે જાણીતા છે.તેમને ભારતમાં તુલસીદાસ પરના મહાનતમ અધિકારી તરીકે ગણવામાં આવે છે, અને રામચરિતમાનસની વિવેચનાત્મક આવૃત્તિના સંપાદક છે. તેઓ રામાયણ અને ભાગવતના કથા કલાકાર છે. તેમના કથા કાર્યક્રમો ભારત અને અન્ય દેશોના વિવિધ શહેરોમાં નિયમિતપણે યોજાય છે, અને શુભ ટીવી, સંસ્કાર ટીવી અને સનાતન ટીવી જેવી ટેલિવિઝન ચેનલો પર પ્રસારિત થાય છે.તેઓ વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના નેતા પણ છે.

**જન્મ અને પ્રારંભિક જીવન : શચીદેવી મિશ્ર**
**શચીદેવી મિશ્ર, રામભદ્રાચાર્યની માતા**

રામભદ્રાચાર્યનો જન્મ ભારતના ઉત્તર પ્રદેશના જૌનપુર જિલ્લાના શાંડીખુર્દ ગામમાં વસિષ્ઠ ગોત્ર (ઋષિ વસિષ્ઠના વંશ) ના સરયુપરીન બ્રાહ્મણ પરિવારમાં રાજદેવ મિશ્ર અને શચીદેવી મિશ્રાને ત્યાં થયો હતો. તેમનો જન્મ ૧૪ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ મકર સંક્રાંતિના દિવસે થયો હતો.તેમના દાદા સૂર્યબલી મિશ્રાના પિતરાઈ ભાઈ, તેમના પ્રપૌત્ર દ્વારા તેમનું નામ ગિરધર રાખવામાં આવ્યું હતું. પ્રપૌત્રી મધ્યયુગીન ભારતમાં ભક્તિ યુગની સ્ત્રી સંત મીરાબાઈની ભક્ત હતી, જેમણે પોતાની રચનાઓમાં ભગવાન કૃષ્ણને સંબોધવા માટે ગિરિધર નામનો ઉપયોગ કર્યો હતો.

## બ્યુટી ટીપ્સ

### રોજિંદા બ્યુટી ટિપ્સ જે દરેક સ્ત્રીને જાણવી જોઈએ

તમે ગમે તેટલા થાકેલા હોવ, રાત્રે મેકઅપ કાઢીને ચહેરો ધોવો એ ખૂબ જ જરૂરી છે. તમારી ત્વચા તમારા આંતરિક સ્વાસ્થ્યને પ્રતિબિંબિત કરે છે. દરરોજ ઓછામાં ઓછા ૮ ગ્લાસ પાણી પીઓ. તે ઝેરી તત્વોને બહાર કાઢે છે,

તમારા વાળને નિયમિતપણે ટ્રિમ કરો : જો તમે તેને ઉગાડતા હોવ તો પણ, દર ૬-૮ અઠવાડિયામાં નિયમિત ટ્રિમ કરવાથી સ્પ્લિટ એન્ડ્સ અટકી જાય છે અને વાળનું સ્વાસ્થ્ય જાળવવામાં મદદ મળે છે. સ્વસ્થ વાળ વધુ સારી રીતે વધે છે અને વધુ સુંદર રીતે સ્ટાઈલ કરે છે.

તમારા ભમરને ગ્રુમ્ડ રાખો : ભમર તમારા ચહેરાને ફ્રેમ કરો. તેમને આકાર અને વ્યવસ્થિત રાખો, પછી ભલે તે થ્રેડિંગ, વેક્સિંગ અથવા પ્લકિંગ દ્વારા હોય. તમે શું ખાઓ છો તે જુઓ, સુંદરતા અંદરથી શરૂ થાય છે. ફળો, શાકભાજી, પ્રોટીન અને સારા ચરબીથી ભરપૂર સંતુલિત આહાર તમારી ત્વચાને ચમકતી અને વાળને મજબૂત રાખવામાં મદદ કરે છે. ઓમેગા-૩ (બદામ અને માછલીમાં જોવા મળે છે) તમારી ત્વચા માટે ખાસ કરીને સારા છે.

**કેજરીવાલને મોટો ઝટકો**

# પીએમ મોદીની ડિગ્રી કેસમાં હવે ચાલશે માનહાનિનો કેસ

## કેજરીવાલ-સંજયસિંહને ગુજરાત હાઈકોર્ટમાંથી મોટો ઝટકો મળ્યો છે PMના ડિગ્રી કેસમાં હવે આપના બંને નેતાઓ સામે માનહાનિ કેસ ચાલશે



(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૧૩

પીએમ મોદીના ડિગ્રી કેસમાં આપના નેતા અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહને ગુજરાત હાઈકોર્ટે મોટો ઝટકો આપ્યો છે. હવે બંને નેતાઓ સામે માનહાનિનો કેસ ચાલશે, એટલું જ નહિ, આપના નેતા સંજયસિંહ સામે અલગ કેસ ચલાવવાની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે.

ગુજરાત હાઈકોર્ટે ગત મહિને પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. કેજરીવાલે ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેર સેશન્સ કોર્ટના એડિશનલ પ્રિન્સિપાલ જજ મનીષ પ્રદ્યુમન પુરોહિત દ્વારા આપવામાં આવેલા આદેશને પડકાર્યો હતો. જેમાં તેઓએ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ મેજિસ્ટ્રેટ કોર્ટના આરોપીઓ સામે કેસ અલગ કરવાની તેમની અરજીને ફગાવી દેવાના આદેશને રદ કરવા માટે તેમની રિવિઝન અરજી ફગાવી દીધી હતી.સાથે જ AAP નેતા સંજય સિંહ સામે કેસ ચલાવવાથી અરજદારના કેસને અલગ કરવા માટે મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ અરજી દાખલ કરી હતી. કારણ કે બંને ઘટનાઓને એકસાથે જોડીને એક જ ફરિયાદમાં કેસ ચલાવવા ન્યાયના હિતમાં નહીં હોય. સેશન્સ કોર્ટ સમક્ષ કેજરીવાલે દલીલ કરી હતી કે બંને આરોપીઓ સામે એકસાથે કેસ ચલાવી શકાય નહીં. એવી દલીલ કરવામાં આવી હતી કે મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા અરજીનો અસ્વીકાર ગેરકાયદેસર હતો. કારણ કે બંને આરોપીઓ સામેના વ્યવહારો અને આરોપો અલગ અને અલગ છે.

**સુરત સિવિલની ઘોર બેદરકારી**

# વૃદ્ધનું મોતિયાનું ઓપરેશન કર્યું પણ લેન્સ નાખવાનું જ ભૂલી ગયા

**ઓપરેશનના દોઢ મહિના બાદ પણ વૃદ્ધને દેખાતું ન હોવાથી જ્યારે અન્ય હોસ્પિટલમાં તપાસ કરાવી ત્યારે ચોંકાવનારૂ સત્ય સામે આવ્યું**



(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૧૩

દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ગણાતી સિવિલ હોસ્પિટલના તંત્ર સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ઉધના વિસ્તારમાં રહેતા ૬૩ વર્ષીય મોતીલાલ ગઢવાલ નામના વૃદ્ધના મોતિયાના ઓપરેશનમાં થયેલી બેદરકારીએ તબીબી આલમમાં ખળભળાટ મચાવ્યો છે. ઓપરેશનના દોઢ મહિના બાદ પણ વૃદ્ધને દેખાતું ન હોવાથી જ્યારે અન્ય હોસ્પિટલમાં તપાસ કરાવી ત્યારે ચોંકાવનારૂ સત્ય સામે આવ્યું હતું.

મોતીલાલભાઈની પુત્રવધૂ આરતીબેનના જણાવ્યા અનુસાર, ૧૪મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ જૂની સિવિલ હોસ્પિટલ (લાલીવાડી) ખાતે મોતીલાલભાઈની આંખનું મોતિયાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશનના બે દિવસ બાદ પાટો ખોલ્યો ત્યારે મોતીલાલભાઈને કંઈ જ દેખાતું નહોતું. ડૉક્ટરે 'ટીપાં નાખો, બધું ઠીક થઈ જશે' તેમ કહી ઘરે મોકલી દીધા હતા. જ્યારે પહેલી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ જ્યારે પરિવાર તેમને નવી સિવિલની OPDમાં લઈ ગયો, ત્યારે ત્યાંના ડૉક્ટરોએ તપાસીને ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો કે, આંખમાં લેન્સ નાખવામાં જ આવ્યો નથી.

વૃદ્ધના પરિવારે આ ફરિયાદ લઈને ફરી જૂની સિવિલના ડૉક્ટરો પાસે પહોંચ્યો, ત્યારે ડૉક્ટરોએ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે અજીબ બહાનું કાઢ્યું હતું. ડૉક્ટરે કહ્યું કે, 'કાકાની ઉંમર થઈ ગઈ છે એટલે લેન્સ નીચે ઉતરી ગયો છે.' એટલું જ નહીં, ડૉક્ટરે ચશ્માના નંબર લખી આપીને મામલો થાળે પાડવા પ્રયાસ કર્યો હતો. જોકે, ચશ્માની દુકાને પણ તપાસ કરાવતા જાણવા મળ્યું હતું કે ઓપરેશન થયું છે પણ અંદર લેન્સ નથી. દર્દીના પરિવારે આ મામલે લેખિત રિપોર્ટ માંગ્યો હતો, પરંતુ હોસ્પિટલ તંત્રએ તે આપવાનો ઈન્કાર કરી દીધો હતો. અંતે પરિવારે પોલીસ ફરિયાદ કરવાની ચીમકી આપતા ડૉક્ટરોએ મંગળવારે મળવા બોલાવ્યા છે. પરિવારનો આક્ષેપ કર્યો છે કે, તંત્રની આ બેદરકારીને કારણે મારા પરિવારના શખ્યને દ્રષ્ટિ ગુમાવવાનો વારો આવ્યો છે. ડૉક્ટરો સત્ય છુપાવી રહ્યા છે. અમે આ બાબતે કાયદેસરની કાર્યવાહી કરીશું.

નોંધનીય છે કે,આ ઘટના બાદ એવી પણ શંકા સેવાઈ રહી છે કે ઓપરેશન કરનાર ડૉક્ટરોએ અન્ય દર્દીઓ સાથે પણ આવી બેદરકારી દાખવી હોઈ શકે છે.

**પતંગરસિકોને મોંઘવારીનો તીખો સ્વાદ**

# ઉતરાયણની ઉજવણીમાં ખવાતું ઊંધિયું ૬૦૦ રૂપિયા કિલોને પાર થઈ ગયુ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૧૩

ઉત્સવની ઉજવણીમાં અગ્રેસર સુરતીઓ અન્ય તહેવારની જેમ ઉતરાયણની ઉજવણી પણ ભવ્ય રીતે કરે છે. સુરતીઓ પતંગ ચગાવવા સાથે સાથે ખાણીપીણીને પણ વધુ મહત્વ આપે છે. ઉતરાયણના દિવસે સુરતમાં હજારો કિલો ઉંધીયાનું વેચાણ થાય છે પરંતુ આ વર્ષે પતંગ ઉંચે ઉડે કે નહીં ઉડે પણ ઉંધીયાના ભાવ આસમાન પર પહોંચી ગયા છે. ગત વર્ષે પાપડીના ભાવ ઉતરાયણના દિવસે ૭૦૦ રૂપિયા કિલો પર પહોંચી ગયા હોય આ વર્ષે વેપારીઓએ પહેલેથી જ ઉંધીયાના ભાવ ૬૦૦ રૂપિયા કિલો કરી દીધા છે. ઉતરાયણના તહેવારને લઈને સુરતમાં ઉત્સાહ ચરમસીમાએ છે, પરંતુ આ વર્ષે ઉત્સાહ સાથે મોંઘવારી પણ ઊંચે ઉડી રહી છે. પતંગ અને ફીરકીના ભાવમાં પહેલેથી જ વધારો નોંધાયો છે, ત્યારે હવે ઉતરાયણની ખાસ ખાણીપીણી પણ સામાન્ય લોકોની પહોંચથી બહાર જતી દેખાઈ રહી છે. સુરતીઓ ઉતરાયણના દિવસે ધાબા પર કે સોસાયટીમાં ઊંધિયા પાર્ટી કરતા હોય છે. સુરતમાં ઉતરાયણમાં ઉંધીયાનો ક્રેઝ વધુ છે તેથી કેટલાક શાકભાજીના વેપારીઓ તકનો લાભ ઉઠાવી લેતા હોય છે જેની સીધી અસર ઉંધીયાના ભાવ પર જોવા મળી રહી છે.

ચૌટા બજારમાં ઉંધીયાનું વેચાણ કરતા રિધ્ધિશ ઠાકર કહે છે, ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ઉંધીયુ બનાવવા માટે ઉપયોગમાં આવતી સામગ્રીનો ભાવ પહેલાથી જ વધી ગયો છે. ગત વર્ષે તો પાપડીનો ભાવ ૭૦૦ રૂપિયા કિલો પર થઈ ગયો હતો. ઉંધીયા માટે ઉપયોગમાં આવતી પાપડી એવી સામગ્રી છે કે થોડા દિવસ પહેલા લાવી સંગ્રહ કરી શકાતો નથી. આ ઉપરાંત તાજી પાપડી હોય તો જ ઉંધીયાનો ટેસ્ટ યોગ્ય આવે છે. ઉતરાયણના દિવસે પાપડીનો ભાવ વધી જતો હોય છે. આ ઉપરાંત રતાળું ૫૦ થી ૬૦ રૂપિયા કિલો મળતું હતું કે વધીને ૯૦ થી ૧૦૦ રૂપિયા થઈ ગયું છે. આ ઉપરાંત બટાકા સાથે સિંગતેલના ભાવમાં પણ ગત વર્ષ કરતા વધારો છે તેથી ઉંધીયાના ભાવમાં વધારો કરવો પડી રહ્યો છે. કેટરર્સનું કામ કરતા જશવંત ત્રિવેદી કહે છે, ઉતરાયણના દિવસે સોસાયટીમાં ઊંધિયા પાર્ટી થાય છે તેથી લોકો ઉંધીયા અને પુરીના ઓર્ડર આપે છે ગત વર્ષે ૩૮૦ રૂપિયા કિલો ઉંધીયાનું વેચાણ કર્યું હતું પરંતુ આ વર્ષે ઉંધીયાના રો-મટીરીયલ્સમાં ભારે વધારો થયો છે તેથી ઉંધીયાના ભાવમાં વધારો કરવો પડવાની ફરજ પડી છે.

સુરતમાં ધંધાદારી વેપારીઓની સાથે કેટલાક એવા પણ છે જેઓ માત્ર ફ્રેન્ડ સર્કલ માટે જ ઉંધીયું બનાવે છે. નહી નફો નહી નુકશાનના સૂત્ર સાથે ઉંધીયુ બનાવવા માટે બે દિવસ પહેલાં જ ખેતરથી સીધી પાપડી લઈ લે છે અને ૨૫૦ રૂપિયા કિલોનું વેચાણ કરે છે. કતારગામ વિસ્તારમાં માત્ર તહેવારોમાં ફ્રેન્ડ સર્કલ માટે જ ઉંધીયું બનાવતા ઉમંગ વરિયા કહે છે, બજારમાં ઉંચા ભાવે ઉંધીયું વેચાય છે તે સાચી વાત છે પરંતુ અમે અમારા સર્કલ માટે જ ઉંધીયું બનાવીએ છીએ અને તેથી પાપડી-રતાળું ઓછી માત્રામાં જોઈએ છે અને તે અમે સીધા કતારગામની વાડીમાંથી મંગાવી લઈએ છીએ તેથી સસ્તુ પડે છે. અને અમારો ધ્યેય અમારા મિત્રો તહેવારની ઉજવણી સારા ટેસ્ટ સાથે કરે છે તેથી ઘણાં ઓછા ભાવે એટલે કે ૨૫૦ રૂપિયા કિલોમાં જ આપીએ છીએ

# એર ઈન્ડિયાની ફલાઈટ લેટ થતાં મુસાફરોએ એરપોર્ટ પર જ ગરબા શરૂ કર્યા

## સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ઈન્ડિયા એક્સપ્રેસની દુબઈની ફલાઈટ લેટ થતાં મુસાફરો અટવાયા હતાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત,તા.૧૩

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ઈન્ડિયા એક્સપ્રેસની દુબઈની ફલાઈટ લેટ થતાં મુસાફરો અટવાયા હતાં. ફલાઈટ લેટ થતાં મુસાફરોએ એરપોર્ટ પર જ ભજન અને ગરબા કર્યા હતાં. સુરત આવી રહેલી ફલાઈટને સુરત પહોંચ્યા બાદ મુંબઈ ડાયવર્ટ કરાઈ હતી. દિલ્હીથી સુરત આવતી આ ફલાઈટ દુબઈ રવાના થવાની હતી.

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દિલ્હીથી આવતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફલાઈટ દુબઈ રવાના થવાની હતી. પરંતુ આ ફલાઈટને સુરત પહોંચ્યા બાદ મુંબઈ ડાયવર્ટ કરાઈ હતી. જેના કારણે મુસાફરો અટવાયા હતાં. મુસાફરોએ એરપોર્ટ પર જ ભજન અને ગરબા કર્યા હતાં. ફલાઈટને મુંબઈ ડાયવર્ટ કરવામાં આવતા બે કલાકથી મુસાફરો અટવાયા હતાં. આ ફલાઈટને મુંબઈ કેમ ડાયવર્ટ કરવામાં આવી તેનું કારણ પણ જણાવાયું નથી.

**સુપ્રીમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો**

# કોન્ટ્રાક્ટ પર કામ કરતાં કર્મચારીઓને મોટો આંચકો



## કરાર(કોન્ટ્રાક્ટ) પર રાખવામાં આવેલા કર્મચારીઓ સરકારી વિભાગો કે સંસ્થાઓના નિયમિત કર્મચારીઓ સાથે સમાનતાનો દાવો કરી શકે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૧૩

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, કોઈ એજન્સી કે કોન્ટ્રાક્ટર દ્વારા કરાર(કોન્ટ્રાક્ટ) પર રાખવામાં આવેલા કર્મચારીઓ સરકારી વિભાગો કે સંસ્થાઓના નિયમિત કર્મચારીઓ સાથે સમાનતાનો દાવો કરી શકે નહીં.

જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે આ મામલે અવલોકન કરતા જણાવ્યું કે, સરકારી નોકરી એ એક 'જાહેર સંપત્તિ' છે અને તેના પર દેશના દરેક લાયક નાગરિકનો સમાન અધિકાર છે.

અદાલતે ભારપૂર્વક કહ્યું કે, નિયમિત નિમણૂક એક પારદર્શક પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે જેમાં તમામ લાયક ઉમેદવારોને તક મળે છે, જ્યારે કોન્ટ્રાક્ટ પરની ભરતી એજન્સીની મરજી પર નિર્ભર હોય છે.

આથી, કાયદાની નજરમાં આ બંને શ્રેણીઓ સંપૂર્ણપણે અલગ છે.આંધ્રપ્રદેશ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૮માં નંદયાલ નગરપાલિકામાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા સફાઈ કામદારોને નિયમિત કર્મચારીઓ જેવું જ વેતન અને ભથ્થા આપવાનો આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ નિર્ણયને રદ કરી દીધો છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે જો નિયમિત અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓ વચ્ચેનો તફાવત ખતમ કરી દેવામાં આવે, તો નિમણૂકની વિવિધ પદ્ધતિઓ(જેમ કે કાયમી, કરાર આધારિત કે તદર્થ)નો મૂળ આધાર જ તેની પવિત્રતા ગુમાવી દેશે. કોર્ટે વધુમાં કહ્યું કે નિયમિત ભરતી પ્રક્રિયામાં અનેક સુરક્ષા પાસાઓ હોય છે જેથી પક્ષપાત વગર માત્ર યોગ્યતાના આધારે જ પસંદગી થાય.

ઉલ્લેખનીય છે કે આ વિવાદ આંધ્રપ્રદેશના કુર્નૂલ જિલ્લાની નંદયાલ નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી અપીલ બાદ સામે આવ્યો હતો. આ સફાઈ કામદારો ૧૯૯૪થી ત્રીજા પક્ષ એટલે કે કોન્ટ્રાક્ટર દ્વારા કાર્યરત હતા અને સમય જતાં કોન્ટ્રાક્ટરો પણ બદલાતા રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આવી આકસ્મિક કે કોન્ટ્રાક્ટ આધારિત વ્યવસ્થાને કાયમી નોકરીની સમકક્ષ ગણી શકાય નહીં, કારણ કે તેનાથી પારદર્શક સરકારી ભરતી પ્રક્રિયાના નિયમોનું ઉલ્લંઘન થાય છે.

# ISPL સીઝન ૩ બોલરોએ ૮૨ રનનો બચાવ કરીને માઝી મુંબઈ સામે દિલ્હી સુપરહીરોઝને પ્રથમ જીત અપાવી





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સુરત, તા.૧૩

સુરત, દિલ્હી સુપરહીરોઝે તેમની શરૂઆતની હાર બાદ વાપસી કરીને ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL) સીઝન ૩ ની તેમની પ્રથમ જીત નોંધાવી છે, સોમવારે (૧૨ જાન્યુઆરી) લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે ડિફેન્ડિંગ ચેમ્પિયન માઝી મુંબઈને ૨૩રને હરાવ્યું હતું.

૮૨ રનના મામૂલી સ્કોરનો બચાવ કરતા, દિલ્હીના બોલિંગ યુનિટે શિસ્તબદ્ધ પ્રદર્શન કરીને મુંબઈને નિર્ધારિત ૧૦ ઓવરમાં ૬ વિકેટે ૫૯ રન પર રોકી દીધું હતું. બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ, દિલ્હી સુપરહીરોઝ મુંબઈના ધારદાર આક્રમણ સામે ગતિ મેળવવા માટે સંઘર્ષ કરતી જોવા મળી હતી. ઓપનર પ્રથમેશ પવારે ૨૨ બોલમાં ૨૦ રન સાથે ઈનિંગને સ્થિર કરી હતી, પરંતુ બીજી છેડે નિયમિત અંતરે વિકેટો પડતી રહી હતી.

મધ્યમ ક્રમ અભિષેક કુમાર દલ્હોરના દબાણ હેઠળ પડી ભાંગ્યો હતો, જેણે ૧૩ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી અને તે શ્રેષ્ઠ બોલર રહ્યો હતો. મનીષ વાઘમારે પણ એટલો જ અસરકારક રહ્યો હતો, જેણે તેની બે ઓવરમાં માત્ર ૬ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી. પદ્મેશ મ્હાત્રેની અંતિમ સમયની કેમિયો ઈનિંગ હતી, જેણે બે ચોગ્ગા અને એક છગ્ગા સહિત માત્ર ૬ દડામાં ૧૬ રન ફટકાર્યા હતા, જેણે દિલ્હીને ૯ વિકેટે ૮૨ રનના લડાયક સ્કોર સુધી પહોચાડ્યું હતું. મ્હાત્રેને તેની ઓલરાઉન્ડ ક્ષમતા માટે 'પ્લેયર ઓફ ધ મેચ' તરીકે પણ નવાજવામાં આવ્યો હતો.

જવાબમાં, માઝી મુંબઈનો પીછો ક્યારેય ગતિ પકડી શક્યો નહીં. દિલ્હીના બોલરોએ ટેપ બોલની સ્થિતિનો અસરકારક ઉપયોગ કર્યો અને શરૂઆતથી જ રન રેટને અંકુશમાં રાખ્યો. પદ્મેશ મ્હાત્રેએ તેની બેટિંગની પરાક્રમ બાદ મેચ-વિનિંગ સ્પેલ સાથે ૧૦ રનમાં ૨ વિકેટ ઝડપી હતી. તેને સાહિલ લોંગાલે દ્વારા યોગ્ય સાથ મળ્યો હતો, જેણે ૧૧ રનમાં ૨ વિકેટ ઝડપી હતી.

મુંબઈના બેટ્સમેનો બાઉન્ડ્રી શોધવા માટે સંઘર્ષ કરતા રહ્યા, જેમાં બંટી પટેલે ૧૯ બોલમાં ૧૩ રન બનાવીને સર્વાધિક સ્કોર કર્યો હતો. એઝાઝ શેખલાલ બેપારીએ ૧૨ રનનું યોગદાન આપ્યું હતુ. પરંતુ ઈનિંગ આગળ વધવાની સાથે જરૂરી રન રેટ પહોંચની બહાર જતો રહ્યો હતો.

સીઝનની શરૂઆતની મેચમાં અમદાવાદ લાયન્સ સામે મળેલી કારમી હાર બાદ સલમાન ખાનની માલિકીની ફ્રેન્ચાઈઝી માટે આ જીત એક મહત્વપૂર્ણ વળાંક સમાન છે.

# કપરાડાની સરકારી કોલેજ દ્વારા વલસાડમાં રાજ્યકક્ષાનો 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' સેમિનાર યોજાયો

**એક ભારત, શ્રેષ્ઠ ભારતની દિશામાં પ્રેઝેન્ટેશન દ્વારા ટેકનોલોજીમાં ભારતનું યોગદાન વિષે માર્ગદર્શન અપાયું**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

વલસાડના તિથલ રોડ પર કોલેજ કેમ્પસમાં સંસ્કાર કેન્દ્ર ખાતે નોલેજ કોન્સોર્ટિયમ ઑફ ગુજરાત, અમદાવાદ અને સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, કપરાડા દ્વારા એક દિવસીય રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

'એક ભારત, શ્રેષ્ઠ ભારત' વિષય અંતર્ગત યોજાયેલ સેમિનારમાં વક્તાશ્રી ડૉ. હર્ષદેવ માધવે 'ભારતની અંદરનું આધ્યાત્મિક ભારત' અંતર્ગત 'જલદેવતા' વિષય પર વિવિધ ઉદાહરણ દ્વારા જળ (પાણી) અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. ત્યારબાદ સેમિનારના બીજા વક્તાશ્રી ડૉ. સુનિલ મરજાદીએ 'અનુસંધાનથી આત્મનિર્ભરતા, ટેકનોલોજીથી એક્તા-એક ભારત, શ્રેષ્ઠ ભારતની દિશામાં પ્રેઝેન્ટેશન દ્વારા ટેક્નોલોજીમાં ભારતનું યોગદાન વિષે ક્રમશઃ પોતાની વાત સૌ સમક્ષ મૂકી હતી. સેમિનારના ત્રીજા વક્તાશ્રી ડૉ.નરેશ શુક્લાએ 'ભારતીય કથા અને કથન પરંપરા (સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં) વિષય પર કથા પરંપરા અંગે પૌરાણિક કથા સાહિત્યથી શરૂઆત કરીને હાલની કથા સાહિત્ય સુધીની વાત શ્રોતા સમક્ષ મૂકી હતી. સેમિનારના અંતિમ વક્તાશ્રી ડૉ.હેમંત દવે એ 'સંશોધનની પદ્ધતિ' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ પ્રથમ સત્રની પૂર્ણાહુતિ થઈ હતી.

કાર્યક્રમના દ્વિતીય સત્રમાં સંશોધકો, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ શોધપત્રની પ્રસ્તુતિ કરી હતી. દ્વિતીય સત્રમાં ડૉ.અનંત શર્મા તેમજ ડૉ.નિતેષ ચૌધરી અને ડો.આશાબેન ગોહિલ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના અંતે ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીના હસ્તે સંશોધકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ''એક્તાથી વિકાસ અને વિકાસથી વૈશ્વિકતા''ની થીમ આધારિત એક ભારત, શ્રેષ્ઠ ભારત-સોરથ સુધા મેગેઝિનનું અનાવરણ પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્યશ્રી મનોજભાઈ પી.પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી માલતીબેન ટંડેલ ઉપસ્થિત રહ્યાં હતાં. કપરાડા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીરાબેન માહલા, જિલ્લા પંચાયતના સભ્ય શ્રીમતી દક્ષાબેન ગાયકવાડ તેમજ રાજ્યભરમાંથી વક્તાશ્રીઓ, સંશોધકો તેમજ કૉલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ સહભાગી થયાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્યશ્રી મનોજભાઈ પી. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજના મદદનીશ પ્રધ્યાપિકા ડૉ. મેઘના કે. ધારણે દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ કૉલેજના પ્રાધ્યાપક ડૉ.ભરત સાહની દ્વારા કરવામાં આવ્યું હતું.

# શ્રી ઘનશ્યામ વિદ્યામંદિર સલવાવમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૩**

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર સલવાવ દ્વારા સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં મહાન સમાજ સુધારક અને વિચારક સ્વામી વિવેકાનંદની ૧૬૩મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ શાળાના આચાર્ય શ્રી ચંદ્રવદન પટેલના માર્ગદર્શન હેઠળ તમામ શિક્ષકોના ઉત્સાહપૂર્ણ સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ધોરણ એકથી ત્રણના નાનકડા વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદની પરંપરાગત વેશભૂષા ધારણ કરી તેમનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. આ નાના બાળકોએ સ્વામી વિવેકાનંદના પ્રેરક વિચારો અને સુવિચારોને અત્યંત આકર્ષક રીતે પ્રસ્તુત કર્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણમાં પ્રેરણાદાયી ઊર્જા સર્જાઈ હતી.

શિક્ષિકા શિખા નાયક દ્વારા ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના ૧૬૩માં જન્મ દિવસ નિમિત્તે વક્તવ્ય અપાયું હતું.

ભારતીય સંસ્કૃતિના વાહક અને યુવાનોના પ્રેરણામૂર્તિ સ્વામી વિવેકાનંદની જન્મજયંતીને દર વર્ષે 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે અમારી શાળામાં વિદ્યાર્થીઓ માટે વક્તવ્ય કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો હેતુ સ્વામીજીના ક્રાંતિકારી વિચારો નવી પેઢી સુધી પહોંચાડવાનો હતો. 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો. માનવ સેવા અને રાષ્ટ્રપ્રેમની ભાવના જાગે. શિક્ષિકા શિખા નાયકે સ્વામીજીના જીવનનો એક પ્રેરણાદાયક કિસ્સો સંભળાવી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જગાડ્યો હતો.

તમામ વિદ્યાર્થીઓને વક્તવ્ય બાદ સંસ્થાના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓની સમજાવ્યું કે માત્ર બોલવાથી નહીં પણ સ્વામીજીના વિચારોને જીવનમાં ઉતારવાથી જ સાચા અર્થમાં યુવા દિવસ સાર્થક થશે.

શાળાના આચાર્ય શ્રી ચંદ્રવદન પટેલે આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે, સ્વામી વિવેકાનંદનું જીવન દરેક યુવાન માટે પ્રેરણાસ્રોત છે. તેમના વિચારો આજે પણ સમકાલીન છે અને વિદ્યાર્થીઓએ તેમના આદર્શો અપનાવી પોતાના જીવનમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આ કાર્યક્રમમાં શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સ્વામી વિવેકાનંદના જીવન અને વિચારોથી પ્રરણા લઈ આત્મવિશ્વાસ, નિષ્ઠા અને સમાજ પ્રત્યેની જવાબદારીના મહત્વને સમજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં પૂર્ણ થયો. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના મહાન વ્યક્તિત્વ વિશે ઊંડાણપૂર્વક જાણવા મળ્યું હતું.

# રોડ સેફ્ટી મંથઃ ધરમપુર એસટી ડેપો ખાતે ઉત્તરાયણ પર્વે બાળકોનું ધ્યાન રાખવા ડ્રાઈવરોને માર્ગદર્શન અપાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા તા.૦૧ થી ૩૧ જાન્યુઆરી સુધી રોડ સેફ્ટી મંથની ઉજવણીના ભાગરૂપે આજરોજ તા.૧૩/૦૧/૨૦૨૬ના રોજ ધરમપુર એસ.ટી .ડેપો ખાતે બ્રહ્માકુમારીઝના મનિષા દીદી તેમજ ધરમપુર એસટી ડેપો મેનેજર ભુમિકાબેન પટેલ, સ્ટેન્ડ ઈન્ચાર્જ કાસીમભાઈ મન્સુર અને વર્કશોપ ઈન્ચાર્જ હિરલભાઈ રાઠોડ સાથે ડેપોના ડ્રાઈવર, કંડકટર અને મિકેનિકોની વ્યસન મુક્તિ તથા અકસ્માત ન થાય તે માટેની સમજણ આપતો કાર્યક્રમ યોજાયો હતો.

ઉતરાયણના તહેવાર દરમિયાન રસ્તા ઉપર પતંગ પકડવા માટે દોડતા બાળકોનું પણ ધ્યાન રાખવા માટે મીટિંગ યોજી જરૂરી સમજણ આપવામાં આવી હતી. રોડ સેફ્ટી મંથ ઉજવણી દરમિયાન એક પણ અકસ્માત ના થાય તે માટે વિશેષ કાળજી રાખવા જણાવાયું હતું.

# ધરમપુર માલનપાડા મોડેલ સ્કૂલના એન.એસ.એસ. વિદ્યાર્થીઓ દ્વારા ''મારૂં ગામ, સ્વચ્છ ગામ'' અભિયાન યોજાયું






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

ધરમપુરના માલનપાડા ગામમાં આવેલી મોડેલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ઓઝરપાડા ગામના અંબે માતાના મંદિરની આસપાસ તેમજ ફળિયામાં સફાઈ કરી ગામને સ્વચ્છ રાખવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની આ સફાઈ પ્રવૃત્તિથી ગામ સ્વચ્છ રહે અને નાગરિકો પણ તંદુરસ્ત રહે તે માટે સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેથી ગામની સુખાકારી કેવી રીતે વધે તેનો સંદેશો લોકોને આપ્યો હતો.

આ તબબકે મોડેલ સ્કૂલના આચાર્ય ડો.વર્ષાબેને વિદ્યાર્થીઓ અને સ્ટાફને પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમમાં સ્ટાફના તમામ કર્મચારીગણ પણ વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા. જેમાં એન.એસ.એસ નોડેલ પીનલબેન પટેલની સાથે પરિમલભાઈ, અવિનાશભાઈ, હેતલબેન, અંકિતાબેન અને અનિતાબેન પણ જોડ્યા હતા.

ઓઝરપાડા ગામના આગેવાન શ્રી હસમુખભાઈ, પ્રા.વી.ડી.હરકણીયા, શ્રી ઉત્તમભાઈ અને શ્રી ચીમનભાઈએ વિદ્યાર્થીઓની આ પ્રવૃત્તિની પ્રસંશા કરી હતી. ગામના ઉત્સાહી યુવાન શ્રી રાહુલભાઈ દ્વારા તમામ વિદ્યાર્થીઓને ચા નાસ્તો કરાવી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

**કરૂણા અભિયાનઃ સુરક્ષિત ઉત્તરાયણ ઉજવીએ, પક્ષીઓનો જીવ બચાવીએ**

# ૨૦ જાન્યુઆરી સુધી નવસારી જિલ્લામાં પક્ષીઓ માટેની કરૂણાસભર પહેલ

**નવસારી જિલ્લામાં કલેક્શન સેન્ટર, સારવાર કેન્દ્રો, વેટરનરી તબીબો સહિત એનજીઓના સ્વયંસેવકો અબોલ પશુ-પક્ષીઓની સારવાર-બચાવ કાર્ય માટે સેવારત**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૧૩**

ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી અબોલા પક્ષીઓ ઘાયલ થવાના બનાવ અટકે તેમજ ઘાયલ પક્ષીઓની ત્વરિત સારવાર કરી જીવ બચાવી શકાય તે અર્થે ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તા.૧૦/૦૧/૨૦૨૬થી તા.૨૦/૦૧/૨૦૨૬ દરમિયાન કરૂણા અભિયાન-૨૦૨૬નું આયોજન નવસારી જીલ્લામાં સામાજિક વનીકરણ વિભાગ, પશુપાલન વિભાગ અને સ્વૈચ્છિક સંસ્થાઓના સંયુક્ત ભાગીદારીથી કરવામાં આવી રહ્યું છે. પતંગની દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓ માટે તાલુકા કક્ષાએ કંટ્રોલ રૂમ, રેસ્ક્યૂ ટીમ, એનિમલ હસબંન્ડરી દવાખાનાની સેવાઓ પણ ઉપલબ્ધ કરાઈ છે.

કરૂણા અભિયાન-૨૦૨૬ માટે વનવિભાગ દ્વારા તાલુકા કક્ષાએ સારવાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. જેમાં નવસારી સુપા રેન્જમાં વિસ્તારમાં આવેલ (૧) ભગવાન મહાવીર કરૂણા મંડળ, શાંતા દેવી રોડ નવસારી કેમ્પના શ્રી જૈનમ મહેતા મો.૯૪૦૮૧ ૮૯૬૯૭ (૨) રેસ્ક્યૂ એન્ડ રેહાબ ફાઉન્ડેશનના શ્રી પાર્થ વશી, મો. ૯૬૨૪૦ ૦૧૦૦૬ (૩) શ્રી પાર્શ્વ ભક્તિ મંડળ, સેન્ટ્રલ બેંક મધુમતી નવસારીના શ્રી કેવળ શાહ મો.૭૪૦૫૦ ૩૫૦૩૧ (૪) એનીમલ સેવિંગ ગ્રુપ, શિવાજી ચોક વિજલપોરના શ્રી બ્રિજેશ સખીવાલા મો.૯૬૦૧૮ ૪૪૯૯૪ (૫) વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટ, લીમડા ચોક જલાલપોરના શ્રી ચિંતન મહેતા મો. ૯૯૭૮૦ ૧૬૩૩૧ (૬) એનીમલ સેવિંગ સોસાયટી, મરોલી બજારના શ્રી તરંગ શાહ, મો.૯૮૯૮૨ ૨૧૧૨૭ (૭) વાઈલ્ડ લાઈફ વેલ્ફેર ફાઉન્ડેશન, એરુ ચાર રસ્તા નવસારીના શ્રી ભાવેશ પટેલ મો. ૯૮૨૫૬ ૬૯૭૧૨૩ અને ગણદેવી રેન્જમાં આવેલ વાઈલ્ડ લાઈફ વેલ્ફેર ફાઉન્ડેશન, બીલીમોરા ફાયર સ્ટેશનના શ્રી ભાવેશ રાઠોડ મો.૭૦૧૬૧ ૯૯૬૫૮ પર સંપર્ક કરી શકાય.

રાજ્યભરમાં ૧૯૬૨ નંબર ડાયલ કરી ઘાયલ પક્ષીઓની સારવાર માટે સહાય મેળવી શકાશે. ઉપરાંત નવસારી જિલ્લામાં કરૂણા અભિયાનને સફળ બનાવવા માટે લોકોએ ઘાયલ પક્ષીઓ દેખાતા સત્વરે સંપર્ક કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવ્યું છે.

# મકરસંક્રાંતિ એટલે આયુર્વેદિક સ્વાસ્થ્યનો તહેવાર, યોગ્ય ઋતુચર્યા અપનાવી ઋતુ પરિવર્તનનો આનંદ માણીએ

■ **પરંપરાગત વાનગીઓ સ્વાસ્થ્યનું પ્રતિક છે, તલ, શેરડી વગેરે કફ દોષોને સંતુલિત કરવામાં મદદ કરે છેઃ જિલ્લા આયુર્વેદ અધિકારી**

■ **તેલયુક્ત તલનું સેવન કરવાથી આંતરિક સ્નિગ્ધતા અને શરીરની ગરમી ઉત્પન્ન થાય છે, જે કફ દોષની તીવ્રતા અટકાવે છેઃ મેડિકલ ઓફિસર**




**ઉત્તરાયણ તહેવાર પછીનો સમયગાળો પંચકર્મ ઉપચાર માટે આદર્શ ગણાય છે ખાસ કરીને વમન માટે**

**ખાસ લેખ**
**- જિજ્ઞેશ સોલંકી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

મકરસંક્રાતિ એક પ્રાચીન તહેવાર છે, જે ભારતનાં વિવિધ પ્રદેશોમાં અલગ - અલગ નામથી ઉજવવામાં આવે છે. જે સ્થાનિક રીત રિવાજો અને કૃષિ પધ્ધતિઓનું મહત્વ દર્શાવે છે. આરોગ્યની દૃષ્ટિએ મકરસંક્રાતિનો હેતુ માનવ શરીર અને સ્વાસ્થ્ય પર ઋતુ પરિવર્તનનાં પ્રભાવને દર્શાવે છે.

આર્યુવેદની દૃષ્ટિએ ઋતુ પરિવર્તનનો એક મહત્વપૂર્ણ પર્વ એટલે મકરસંક્રાંતિ. આ તહેવાર શિશિર ઋતુ (શિયાળાના અંત)થી વસંત ઋતુમાં પરિવર્તનને દર્શાવે છે તેને ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે. જે અંગે વિસ્તૃત માહિતી પુરી પાડતા જિલ્લા આયુર્વેદ અધિકારી વૈધ ઉર્વીબેન સી.પટેલ જણાવે છે કે, આયુર્વેદ ઋતુચર્યા અથવા ઋતુગત શાસનમાં આ સંક્રાંતિ મહત્વપૂર્ણ છે. આયુર્વેદ અનુસાર, શિશિર (શિયાળો) દરમિયાન માનવ શરીરમાં કફનો સંચય થાય છે પરંતુ વસંત ઋતુ આવતાની સાથે સુર્યનાં ગરમ કિરણો સંચિત કફને પ્રવાહી બનાવે છે, જેના કારણે શ્વસનરોગો અને ત્વચાનાં રોગોની સમસ્યાઓ થઈ શકે છે. પરંપરાગત વાનગીઓ સ્વાસ્થ્યનું પ્રતિક છે. તલ, શેરડી વગેરે કફ દોષોને સંતુલિત કરવામાં મદદ કરે છે. આથી બદલાતી ઋતુમાં આયુર્વેદ શાસ્ત્રોમાં દર્શાવેલી યોગ્ય ઋતુચર્યાને અપનાવવી જોઈએ. યોગ્ય ઋતુચર્યા શરીરને બદલાતી પર્યાવરણીય પરિસ્થિતિઓમાં અનુકૂલન કરવામાં મદદ કરે છે અને બીમારી થવાનું જોખમ ઘટાડીને આપણા શરીરને નિરોગી રાખે છે.

મકરસંક્રાતિ દરમિયાન સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા આહાર સ્વાસ્થ્ય માટે ચોક્કસ લાભકારી છે. જે અંગે માહિતી આપતા પારડી તાલુકાના મેડિકલ ઓફિસરશ્રી ડો. હેમિલ ડી. પટેલ (એમ.ડી.) જણાવે છે કે, તલ ઉષ્ણ (ગરમ શક્તિ), કેશ્ય (વાળનાં વિકાસને પ્રોત્સાહન આપે છે) અને બલ્ય (શક્તિ પ્રદાન કરે છે.) આ ઋતુમાં તેલયુક્ત તલનું સેવન કરવાથી આંતરિક સ્નિગ્ધતા અને શરીરની ગરમી ઉત્પન્ન થાય છે, આમ, વસંતમાં કફ દોષની તીવ્રતા અટકાવે છે. ગોળ મીઠો હોય છે અને તેમાંથી શક્તિ પ્રાપ્ત થાય છે, આ ઋતુમાં તેનું સેવન કરવાથી વાત દોષ દુર થાય છે. શિયાળા દરમિયાન પાચન શક્તિ મજબુત હોય છે, તેથી આ સ્વાદિષ્ટ વાનગીઓ ખાવાથી ભૂખ લાગતી નથી. આ તહેવાર પછીનો સમયગાળો પંચકર્મ ઉપચાર માટે આદર્શ છે, ખાસ કરીને વમન (ઉપચારાત્મક ઉલટી). ઘણાં લોકો ઉપવાસ રાખે છે, જે સંચિત થયેલાં કફને ઓછો કરવામાં મદદ કરે છે. મોસમ આધારિત આ તમામ તૈયારીઓ શરીરને આગામી સંક્રમણ સાથે સુમેળ સાધવામાં મદદ કરે છે અને એકંદરે સ્વાસ્થ્યને લાભ આપે છે. તો ચાલો, આપણે સૌ મકરસંક્રાંતિ પર્વથી આયુર્વેદિક પ્રણાલી અપનાવી સ્વસ્થ રહી ઋતુ પરિવર્તનનો આનંદ માણીએ.

# વલસાડ આરટીઓ કચેરી દ્વારા વાહનોના પંસદગીના નંબર માટે ફેર હરાજી થશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

વલસાડ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા મોટરીંગ પબ્લિકની સગવડતા માટે પસંદગીના નંબરની ફાળવણી માટે ઓનલાઈન હરાજી/ફેર હરાજી શરૂ કરવામાં આવી છે. જેમાં ટુ વ્હીલર (બે પૈંડાવાળા વાહનો)માં રી-ઓકશન GJ15EP, ફોર વ્હીલર (ચાર પૈડાવાળા વાહનો) માટે ન્યું ઓકશન GJ15CS અને ટ્રાન્સપોર્ટ વ્હીકલ (આઠ પૈડાવાળા માલવાહક વાહનો) માટે રી-ઓક્શન GJ15AX, થ્રી વ્હીલર (ત્રણ પૈડાવાળા વાહનો) માટે રી-ઓક્શન GJ15AY અને નોન ટ્રાન્સપોર્ટ વ્હીકલ (અન્ય વાહનો) માટે રી-ઓકશન GJ15 SV સિરિઝના ૦૦૦૧ થી ૯૯૯૯ નંબર માટે ફેર હરાજી શરૂ કરવામાં આવી છે.

આ નંબરો મેળવવાની ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમના વાહનો રજિસ્ટ્રેશન કરાવી ઓનલાઇન http/privahan.gov.in/fancy પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ફેર હરાજીમાં ભાગ લઈ શકશે. તે માટેની સુચના આ મુજબ છે. (૧) તા.૧૫-૦૧-૨૦૨૬ના રોજ દિવસે ૦૪-૦૦ વાગ્યાથી તા.૧૭-૦૧-૨૦૨૬ના દિવસે ૦૩-૫૯ વાગ્યા સુધી AUCTION/ RE-AUCTION માટેનું ફોર્મ રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને ઓનલાઈન એપ્લિકેશન કરવાની રહેશે. (૨) તા.૧૭-૦૧-૨૦૨૬ના રોજ દિવસે ૦૪:૦૦ કલાકથી તા.૧૯-૦૧-૨૦૨૬ના રોજ દિવસે ૦૪:૦૦ કલાક સુધી AUCTION/ RE-AUCTION માટેનું બિડિંગ ખૂલશે. (૩) અરજદારોએ વાહન ખરીદ કર્યાની તારીખથી ૭ દિવસની અંદર CNA ફોર્મ ભરેલું હોવું જોઈએ. વેલીડ CNA ફોર્મ રજૂ નહી કરનાર અરજદારને હરાજીમાં નિષ્ફળ જાહેર કરવામાં આવશે. (૪) હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. અરજદાર જો આ નિયત સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જાય તો જે તે નંબર માટે મુળ ભરેલી રકમ જપ્ત કરી જે તે નંબરની ફરી હરાજી કરવામાં આવશે.

ઓનલાઈન ઓકશન દરમિયાન અરજદારે RBI દ્વારાનકકી કરેલા દરે ચાર્જ ચુકવવાના રહેશે. વાહનના સેલ લેટરમાં સેલ તારીખથી નિયમ મુજબના દિવસની અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે. સમય બહારની અરજીઓ રદ્દ કરવામાં આવશે એવું ઈન્ચાર્જ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# પારડીના સામરપાડામાં પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના સામરપાડા ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં કૃષિ સખી અંબાબેન અને કમ્યુનિટી રિસોર્સ પર્સન મહેન્દ્રભાઈ દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી. આ સાથે જ પ્રાકૃતિક ખેતીના પાંચ આયામો (૧) જીવામૃત (૨) ઘનજીવામૃત, (૩) બીજામૃત, (૪) આચ્છાદાન અને (૫) મિશ્ર પાક પદ્ધતિ વિશે ખેડૂતોને વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

આ સિવાય જીવામૃત કેવી રીતે બનાવવું એ અંગે પણ પ્રેક્ટીકલ તાલીમ ખેડૂતોને આપવામાં આવી હતી. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવાથી થતા ફાયદા વિશે પણ સમજણ આપવામાં આવી હતી.

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# શિક્ષકો શેરીશ્વાનોની ગણતરી કરવા નીકળશે તો ભણશે અને ભણાવશે કોણ?

**આપણાં સરકારી તંત્રએ અને નીતનવાં આયોજનોને લીધે શિક્ષકને 'સબ બંદર કા બંદા' બનાવી દીધા છે, કોઈ સર્વે કરાવવો છે તો કામ સોંપો શિક્ષકને, ચૂંટણીમાં મતદાન પ્રક્રિયામાં શિક્ષક, વસતી ગણતરી શિક્ષકને, મતદારયાદી શુદ્ધીકરણનાં કામની મુખ્ય જવાબદારી શિક્ષકને, ચૂંટણી આધારકાર્ડ લિન્કનું કામ પણ શિક્ષકને સોંપાયું અને હદ તો ત્યારે થઈ કે પાંચ વર્ષ પહેલાં કોરોના સમયે શિક્ષકોને શાળાઓ માટે રાશન જોખીને આપવાનો હુકમ થયો હતો હજુ એટલું જ નહીં, સામાજિક પ્રસંગોમાં થતો અનાજનો બગાડ રોકવામાંય શિક્ષકને સામેલ કરાતો...**

**ભા**રતીય શાસ્ત્રો અને પરંપરાઓમાં શિક્ષકનું સ્થાન ઈશ્વરથીએ ઉપર માનવામાં આવ્યું છે. ચાણક્યનીતિ કહે છે માતા-પિતા તો સંતાનને ફક્ત જન્મ આપે છે, જ્યારે શિક્ષક તેમને દ્વિજ પ્રદાન કરે છે, બીજો જન્મ આપે છે, જેથી એ સમાજમાં સન્માનજનક જીવન જીવવા યોગ્ય બને છે. નિઃ સંદેહ ગુરુ શિક્ષકનું મહત્ત્વ ખૂબ જ છે, પણ આપણાં સરકારી તંત્રએ અને નીતનવાં આયોજનોને લીધે શિક્ષકને 'સબ બંદર કા બંદા' બનાવી દીધા છે. કોઈ સર્વે કરાવવો છે તો કામ સોંપો શિક્ષકને, ચૂંટણીમાં મતદાન પ્રક્રિયામાં શિક્ષક, વસતી ગણતરી શિક્ષકને, મતદારયાદી શુદ્ધીકરણનાં કામની મુખ્ય જવાબદારી શિક્ષકને અપાણી, ચૂંટણી આધારકાર્ડ લિન્કનું કામ પણ શિક્ષકને સોંપાયું. હદ તો ત્યાં થઈ કે પાંચ વર્ષ પહેલાં કોરોના સમયે શિક્ષકોને શાળાઓ માટે રાશન જોખીને આપવાનો હુકમ થયો હતો. સામાજિક પ્રસંગોમાં થતો અનાજનો બગાડ રોકવામાંય શિક્ષકને સામેલ કરાતો ત્યારે વિરોધ ઊઠ્યો હતો. તેમાંય બિહારનાં સાસારામમાં નગર નિગમે બેહૂદું ફરમાન જારી કરીને હદ કરી નાખી. નગર નિગમે શિક્ષકોને રસ્તે રહેતા શેરીશ્વાનોની ગણતરી કરવાનું કામ સોંપ્યું. આ નિર્ણય નિંદનીય છે, સાથે હાસ્યાસ્પદ છે. રખડતા શ્વાનોનો મુદ્દો દેશભરમાં ગંભીર ચિંતાનો વિષય બન્યો છે. દેશની સર્વોચ્ચ અદાલતે આકરો મિજાજ અપનાવીને રખડતા કૂતરાઓની સમસ્યાનો ઉપાય કરવા ફરમાન છોડ્યા છે. અદાલત કહે છે રસ્તાઓ શ્વાનોથી મુક્ત રહે એ સુનિશ્ચિત કરવા માટેની કવાયત હોવી જ જોઈએ. શેરીશ્વાનો ઓચિંતા કરડે છે. વળી, તેના લીધે રસ્તા ઉપર ગંભીર અકસ્માત સર્જાય છે. ન્યાયમૂર્તિએ સામાન્ય જનતાના મનની વાત કરી છે કે રસ્તા પર દોડતા કૂતરા તેની પાસેથી પસાર થતાં વાહનો વિશેષ તો ટુ વ્હીલર્સ અને સાઈકલચાલકો માટે ખતરનાક હોય છે. પડી જવાથી ચાલકોને અસ્થિભંગથી હેમરેજ સહિતની ગંભીર ઈજા થાય છે અને કેટલાય કિસ્સામાં જીવન ગુમાવવાની નોબત આવે છે. રખડતા ભટકતા શેરીશ્વાનોનો મામલો સંવેદનશીલ છે. જીવદયા સાથે સંકળાયેલો છે. કૂતરાઓ માટે શેલ્ટર હોમ બનાવવું, રસ્તે આવતા રોકવા એ બધાનો અમલ વ્યવહારુ કેમ બનાવવો એ પ્રશ્ન છે. સાસારામમાં શિક્ષકોને સોંપાયેલી વિચિત્ર કામગીરીની વાત પર પાછા આવીએ તો શિક્ષણ આલમમાં તેની ટીકા થઈ રહી છે. બિહારના શિક્ષકો વિષમ પરિસ્થિતિને લઈને પહેલેથી દબાવમાં છે. છાત્રોને ભણાવવાની શૈક્ષણિક જવાબદારી અને બિનશૈક્ષણિક કામગીરીના વધતા બોજ વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ બની રહ્યું છે. ઈત્તર કામમાં કલાકો વીતાવતા શિક્ષક પાસે છાત્રોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાની તાજગી, સમય કે ઉત્સાહ બચતાં નથી. બાળકો સાથે સંવાદ થઈ શકતો નથી. પ્રાથમિક શિક્ષણ કારકિર્દીનો પાયો છે. વિદ્યાર્થીની કારકિર્દી, વિકાસ, સમાજજીવનનો આધાર પ્રાથમિક શાળાઓમાં રચાય છે. શિક્ષકો શેરીશ્વાનોની ગણતરી કરવા નીકળશે તો ભણશે અને ભણાવશે કોણ? વળી, આ કામગીરી શિક્ષકો માટે પણ જોખમી બની રહે તેમ છે. રખડતા કૂતરાઓનો ડર સૌને હોય છે. ખાસ કરીને મહિલા શિક્ષિકા આ કામગીરી કેમ કરી શકશે? શિક્ષકો ગુરુ કહેવાય. એક નહીં, અનેક પેઢીનું ઘડતર કરવાની તેમની જવાબદારી છે. સમૃદ્ધ ભારતનું ભવિષ્ય આજના છાત્રો જ છે. ગુણવત્તાયુક્ત શિક્ષણના અભાવે તેમનો પાયો નબળો પડે એ તો નહીં જ ચાલે.

# મકરસંક્રાંતિ દાન પુણ્ય કરવાનું મહામૂલું પર્વ



આલેખન
યોગેશભાઈ આર. જોશી
હાલોલ: ૩૮૯૩૫૦, જિ. પંચમહાલ
સીનીયર સીટીઝન તથા કવિ/લેખક

**આ**પણાં હિન્દુ તહેવારોમાં મકરસંક્રાંતિનું પર્વ જ તારીખ પ્રમાણે એટલે કે ૧૪મી જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે, બાકીનાં બધાં પર્વો તથા તહેવારો તિથિ પ્રમાણે ઉજવવામાં આવે છે. ૧૪મી જાન્યુઆરીને મકરસંક્રાંતિ અથવા ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે. ખગોળશાસ્ત્રની દ્રષ્ટિએ, આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરતો હોવાથી, આ તહેવારને મકરસંક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે. બીજું સૂર્ય આ દિવસે ઉત્તર દિશા તરફ ગતિ કરે છે તેથી ઉત્તરાયણ તરીકે પણ ઓળખવામાં આવે છે. મકરસંક્રાંતિનું પર્વ હર્ષોલ્લાસનું પર્વ છે. આ દિવસે નાનાં મોટાં તમામ સંપ્રદાયના તથા જ્ઞાતિઓના પ્રજાજનો વહેલી સવારથી જ પોતપોતાના મકાનોની અગાશી, ધાબા, પતરાં, ઊંચી ટેકરી પરથી કે મૈદાનોમાં પતંગ ચગાવવાનો આનંદ માણે છે. આ પર્વ એવું પર્વ છે કે તમામ જ્ઞાતિના જ્ઞાતિજનો સામૂહિક રીતે ઊજવે છે.



ભારતના અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં ઉત્તરાયણનું પર્વ બહું ધામધૂમથી ઉજવવામાં આવે છે અને પતંગો પણ બહોળા પ્રમાણમાં ચગાવવામાં આવે છે. નાનાં મોટાં તમામ વ્યક્તિઓ એકબીજાની પતંગ કાપવાનો અનેરો આનંદ માણે છે. રંગબિરંગી પતંગોથી આખું આકાશ ભરપૂર દેખાય છે અને લોકો પતંગમય બની જાય છે. બીજું ઉત્તરાયણ શિયાળામાં આવે છે અને શિયાળામાં સૂર્યનાં કિરણો આરોગ્ય માટે લાભકારી છે તેથી દરેકને કુદરતી તડકાનો ફાયદો મળી રહે તે હેતુથી પણ ઉત્તરાયણના દિવસે પતંગ ઉડાડવાનો રિવાજ અમલી બન્યો હશે.

મકરસંક્રાંતિનો દિવસ બહું પવિત્ર અને પાવન ગણાય છે. આ દિવસે લોકો સવારમાં વહેલાં ઉઠી દેવદર્શન કરવા જાય છે. મંદિરની આજુબાજુ બેઠેલાં ભિક્ષુઓને યથાયોગ્ય ભિક્ષા કે દાન આપે છે, ગાયોને લીલું ઘાસ તથા ઘૂઘરી ખવડાવે છે. મકરસંક્રાંતિના દિવસે મોટાભાગના લોકો પોતાના ઘરની અગાશી કે મજામાં સમૂહમાં બેસીને ઊંધિયું તથા ગરમાગરમ જલેબીની જયાફત માણે છે. ચારેબાજુ શોરબકોર, હલ્લાગુલ્લા અને ખુશહાલીનો માહોલ છવાઈ જાય છે. નાના બાળકોને કપાયેલા પતંગો લૂંટવાની બહું મજા આવે છે. ઉત્તરાયણના દિવસે લોકો બોર, જામફળ તથા શેરડીનો પણ રસાસ્વાદ માણે છે. દરેકનાં ઘરોમાં તલસાંકળી તથા ગોળપાપડી બનાવવામાં આવે છે. શિયાળામાં તલ આરોગ્ય માટે ફાયદાકારક હોવાથી કદાચ તલસાંકળી ખાવાનો વિચાર આપણાં પૂર્વજોને સુઝ્યો હશે.

મકરસંક્રાંતિના દિવસે પતંગ ચગાવવાની તથા લૂંટવાની બાબતમાં લડાઈ ઝઘડાં તથા મારામારીના બનાવો બનતાં હોય છે. કેટલાંય લોકોનાં હાથની આંગળીઓ ચિરાઈ જાય છે, કેટલાંય નિર્દોષ પક્ષીઓ ધારદાર દોરીનો ભોગ બની ઘવાય છે અથવા મોતને શરણ થાય છે. ક્યારેક નાના બાળકો ધાબા ઉપરથી પડી જવાના પ્રસંગો બને છે એથી સુખનો પ્રસંગ શોકનો અવસર બની જાય છે. રાતે લોકો ગુબ્બારા કે તુક્કલ ચગાવવાનો આનંદ માણે છે. અમુક લોકો અગાશીમાં આકાશી ફટાકડા ફોડીને વાતાવરણમાં ઝગમગાટ લાવી અનેરો આનંદ માણે છે. મહાભારતના યુદ્ધમાં મહાધનુર્ધર અર્જુનના બાણથી આખા શરીરે ઘવાયેલા ભિષ્મ પિતામહ બાણશય્યા પર શયન કરે છે તેમને ઈચ્છા મૃત્યુનું વરદાન હોવાથી પોતાના પ્રાણ ત્યાગવાનો દિવસ ઉત્તરાયણ જ નક્કી કર્યો હતો અને જ્યાં સુધી ઉતરાયણ ન આવે ત્યાં સુધી શરીરમાં ભોંકાયેલા બાણોની પીડા વેઠીને પણ સૂરજ સામું નજર કરીને બાણશય્યા પર સૂતેલાં જ રહે છે. આમ ઉત્તરાયણ કે મકરસંક્રાંતિનું પર્વ આદિ અનાદી કાળથી માનવજાત સાથે જોડાયેલું છે. ખરેખર મકરસંક્રાંતિનું પર્વ માણવાનું અને ઉજવવાનું અનેરું મહાત્મ્ય છે.

# ઉત્તરાયણમાં મરણ એટલે જ્ઞાનભક્તિની પરિપક્વ દશામાં મરણ



ઉત્તરાયણ... મંગલમય મૃત્યુનું રહસ્ય
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

**ઉ**ત્તરાયણ એટલે પ્રકાશનો અંધકાર ઉપર વિજય. આપણું જીવન પણ અંધકાર અને પ્રકાશથી વિંટળાયેલું છે. આપણાં જીવનમાં રહેલા અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા, જડતા, કુસંસ્કાર વગેરે અંધકારના પ્રતિક છે. આપણે અજ્ઞાનને જ્ઞાનથી, વહેમને વિજ્ઞાનથી, અંધશ્રદ્ધાને સાત્વિક શ્રદ્ધાથી, જડતાને ચેતનાથી અને ખરાબ સંસ્કારોને સંસ્કાર સર્જનથી દૂર કરવાના છે. એ જ સાચી સંક્રાંતિ છે. તેના માટે આપણા સંકલ્પોને બદલવાની જરૂર છે, આપણા મસ્તકમાં રહેલા વિચારો બદલવાની જરૂર છે. કામ ક્રોધ લોભ મોહ મદ્ મત્સર વગેરે વિકારોથી દૂર રહેવાનો પ્રયત્ન કરવાનો છે.

બધા જ પ્રકારનો સંગ છોડવો જોઈએ પણ જો તે શક્ય ન હોય તો સારા માણસોનો સંગ રાખવો જોઈએ. કારણ કે સત્સંગથી જ જીવન બદલાય છે. કુસંગથી આપણે પતનની ખાઈમાં ગબડી પડીએ છીએ. અનંત ગુણોથી વિભૂષિત એવા દાનવીર કર્ણ.. ધૃતરાષ્ટ્ર, શકુનિ, દુર્યોધન અને દુઃશાસન આ ચંડાલ ચોકડીના સંગથી અધોગતિને પામ્યા હતા તેથી આપણે જીવન મુક્ત, સત્સંગી, હરિભક્તોનો સંગ કરવો જોઈએ એવો સંક્રાંતિનો સંદેશ છે.

**સત્કર્મ વ્યર્થ જતા નથી. ભગવાન કહે છે કે મારો ભક્ત મને ભૂલે પણ હું તેને ભુલતો નથી. ભીષ્મ પિતાનું મરણ સુધારવા ભગવાન શ્રીકૃષ્ણ પધારે છે. ભીષ્મપિતા જ્ઞાનનો ભરોસો રાખતા નથી, તેમણે પ્રભુની શરણાગતિ સ્વીકારી છે**

ઉત્તરાયણના તહેવાર નિમિત્તે સગાં-સ્નેહીઓના ઘેર જવાનું, તલના લાડુની આપ-લે કરવાનો, જૂના મતભેદ દૂર કરવાના, વિખવાદ દૂર કરી સ્નેહની સ્થાપના કરવાની છે. ઉત્તરાયણના ઉત્સવમાં તલના લાડુ એ નૈસર્ગિક કારણ છે. કુદરત પણ ઋતુ પ્રમાણે ફળ અને વનસ્પતિ આપે છે. જે ઋતુમાં જે પ્રકારના રોગો થવાની સંભાવના હોય છે તે મુજબ કુદરત ઔષધિ, વનસ્પતિ, ફળો વગેરે આપે છે. શિયાળાની સખત ઠંડીમાં શરીરનાં તમામ અંગો જકડાઈ જાય, લોહીનું પરીભ્રમણ મંદ થાય, શરીર રૂક્ષ થાય ત્યારે સ્નિગ્ધતાની જરૂર રહે છે અને તલમાં આ સ્નિગ્ધતાનો ગુણ હોય છે. આયુર્વેદની દ્રષ્ટિએ તલ આ ઋતુનો આદર્શ ખોરાક છે.



આ દિવસે પતંગ ચગાવવામાં આવે છે. પતંગ ચગાવવા ખુલ્લા મેદાન, મકાનની છત ઉપર જવાથી સૂર્ય સ્નાનનો લાભ મળે છે. આખો દિવસ સૂર્યનો તાપ શરીરને મળે છે જે વિટામિન-ડી આપે છે. આખો દિવસ પતંગ ઉડાવવાથી શ્રમ થાય છે તેથી શરીરને કસરત મળે છે વળી તલ અને આચરકૂચર ખાવાથી પેટમાં થોડું અજીર્ણ થાય છે જેને કારણે પેટનો બગાડ નીકળી જતાં શરીરને ઘણી રાહત રહે છે.

આપણાં જીવનનો પતંગ પણ જગતની પાછળ રહેલી અદ્રષ્ટ શક્તિ (પ્રભુ પરમાત્મા) કોઈ અજ્ઞાત અગાશીમાં ઉભા રહી ચગાવે છે. આકાશમાં લાલ, લીલા, પીળા.. વગેરે અનેક રંગના પતંગ ઉડતા જોવા મળે છે તેવી જ રીતે આ વિશ્વના વિશાળ આકાશમાં ગરીબ, તવંગર, સત્તાધીશો, વિદ્વાનો.. વગેરે અનેક પ્રકારના લોકો રહે છે. પતંગની હસ્તી અને મસ્તી ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી તેની દોરી સૂત્રધારના હાથમાં હોય છે. સૂત્રધારના હાથમાંથી છૂટેલો પતંગ વૃક્ષની ડાળી પર, વિજળીના તાર પર કે સંડાસની ટાંકી પર ફાટેલી અને વિકૃત દશામાં પડેલો જોવા મળે છે તેવી જ રીતે પ્રભુ પરમાત્માના હાથમાંથી છૂટેલો માનવ પણ થોડા સમયમાં જ ફિક્કો અને અસ્વસ્થ જોવા મળે છે તેથી આજના દિવસે પ્રભુ પરમાત્માને પ્રાર્થના કરવાની કે હે પ્રભુ! મારા જીવનરથરૂપી પતંગ ઝોલે ન ચઢે તે માટે તેની દોર હું આપના હાથમાં સોંપું છું તેને સલામત રાખજો!

સૂર્ય એક રાશીમાંથી બીજી રાશીમાં સ્થાનાંતર કરે તેને સંક્રાંતિ કહે છે. સૂર્ય ધનુ રાશીમાંથી મકર રાશીમાં સ્થાનાંતર કરે છે ત્યારે ઉત્તરાયણ શરૂ થાય છે, કારણ કે આ સમયે સૂર્ય પૃથ્વીની આજુબાજુની પોતાની પરિભ્રમણ દિશામાં પણ પરિવર્તન કરી થોડોક ઉત્તર દિશા તરફ ખસે છે. આમ સૂર્ય ઉત્તર તરફ ખસતો હોવાથી આ દિવસને ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે. આવો ઉત્તરાયણના સંદર્ભમાં મંગલમય મૃત્યુના રહસ્યને સમજીએ..! મૃત્યુ બાદ જીવ પહેલાં આકાશમાં, પછી વાયુને આધિન થઈને વાદળોમાંથી વર્ષા દ્વારા ભૂમંડળ પર આવીને અન્નમાં પ્રવેશ કરે છે પછી કર્માનુસાર પ્રાપ્ત થવાવાળી યોનીના પુરૂષમાં અન્ન દ્વારા પ્રવેશ કરી સ્ત્રી જાતિમાંજઈને શરીર ધારણ કરીને જન્મ લે છે. આ રીતે જન્મ-મરણના ચક્કરમાં ફર્યા કરે છે.

મરનાર પ્રાણીઓની ત્રણ ગતિઓ બતાવી છે. ઉર્ધ્વગતિ મધ્યગતિ અને અધોગતિ. સત્ત્વગુણમાં સ્થિત મનુષ્ય સ્વર્ગ વગેરે ઉચ્ચ લોકોમાં જાય છે, રજોગુણમાં સ્થિત મનુષ્યો મનુષ્ય લોકમાં જન્મ લે છે અને તમોગુણનાં કાર્ય નિંદનીય તમોગુણની વૃત્તિમાં સ્થિત તામસી મનુષ્ય અધોગતિને પ્રાપ્ત થાય છે. જેમનો ઉદ્દેશ્ય પરમાત્મા પ્રાપ્તિનો છે પરંતુ અંતકાળમાં કોઈ સૂક્ષ્મ ભોગવાસનાના કારણે તેઓ યોગથી વિચલિત મનવાળા થઈ જાય છે તેઓ શુદ્ધ શ્રીમંતોના ઘરમાં જન્મ લે છે. બધા જ મનુષ્યો પરમાત્માની પ્રાપ્તિના અધિકારી છે અને પરમાત્માની પ્રાપ્તિ સુગમ છે, જરૂર છે એકનિષ્ઠ પરમેશ્વરની ભક્તિ.

સામાન્ય મનુષ્યોની એવી ધારણા છે કે જે દિવસમાં, શુકલપક્ષમાં અને ઉત્તરાયણમાં મરે છે તેઓ તો મુક્ત થઈ જાય પરંતુ જેઓ રાતમાં કૃષ્ણપક્ષમાં અને દક્ષિણાયનમાં મરે છે તેઓની મુક્તિ થતી નથી, આ ધારણા યોગ્ય નથી. કારણ કે અહીયાં જે શુક્લમાર્ગ અને કૃષ્ણમાર્ગનું વર્ણન થયું છે તે ઉર્ધ્વગતિને પ્રાપ્ત કરવાવાળાઓના માટે જ થયું છે એટલા માટે જો એમ જ માની લેવામાં આવે કે દિવસ વગેરેમાં મરવાવાળા મુક્ત થાય છે અને રાત વગેરેમાં મરવાવાળા મુક્ત થતા નથી તો પછી અધોગતિવાળા ક્યારે મરશે? કેમકે દિવસ-રાત, શુક્લપક્ષ કૃષ્ણપક્ષ અને ઉત્તરાયણ દક્ષિણાયનને છોડીને બીજો કોઈ સમય જ નથી. વાસ્તવમાં મરવાવાળા પોતપોતાના કર્મો અનુસાર જ ઊંચનીચ ગતિઓમાં જાય છે. તેઓ ભલે દિવસમાં મરે કે રાતમાં, શુક્લપક્ષમાં મરે કે કૃષ્ણપક્ષમાં મરે, ઉત્તરાયણમાં મરે કે દક્ષિણાયનમાં મરે.. એનો કોઈ નિયમ નથી.


ઉત્તરાયણમાં મરણ એટલે જ્ઞાનભક્તિની પરિપક્વ દશામાં મરણ. ઘણા પાપીઓ પણ ઉત્તરાયણમાં મરણ પામે છે પણ તેમની સદ્‌ગતિ થતી નથી. દક્ષિણ દિશામાં યમપુરી છે, નરક લોક છે. નરકલોક એટલે અંધકાર. પરમાત્માનો અનુભવ કર્યા વિના જે મરે છે તેનું મરણ દક્ષિણાયનમાં થયું કહેવાય. સંતનો જન્મ સાધારણ હોવા છતાં મૃત્યુ મંગલમય હોય છે. માનવ જીવનની છેલ્લી પરીક્ષા મરણ છે. જેનું જીવન સુધરે છે એનું મરણ સુધરે છે. જેનું મન બગડ્યું એનું આખું જીવન બગડે છે. ભીષ્મએ આજીવન સંયમ રાખ્યો છે. સંયમ વધારી પ્રભુના સતત સુમિરણની આદત પડે તો મરણ સુધરે છે. અંતકાળનો સમય બહુ કઠણ છે, તે વખતે પ્રભુનું સ્મરણ થવું બહુ કઠણ છે. સમગ્ર જીવન જેનું ચિંતન કરીશું તે જ અંતકાળે યાદ આવશે. આખું જીવન જે ભગવાનનું સુમિરણ કરશે તે કદાચ અંત સમયે ભગવાનને ભૂલી જાય તો પણ ભગવાન તેને યાદ કરશે. સત્કર્મ વ્યર્થ જતા નથી. ભગવાન કહે છે કે મારો ભક્ત મને ભૂલે પણ હું તેને ભુલતો નથી. ભીષ્મ પિતાનું મરણ સુધારવા ભગવાન શ્રીકૃષ્ણ પધારે છે. ભીષ્મપિતા જ્ઞાનનો ભરોસો રાખતા નથી, તેમણે પ્રભુની શરણાગતિ સ્વીકારી છે.

જેઓ ભગવાનના ભક્ત છે તેઓ ફક્ત ભગવાનને જ પરાયણ હોય છે. તેમના મનમાં ભગવાનના દર્શનની જ લાલસા હોય છે, એવા ભક્તો દિવસમાં કે રાતમાં, શુક્લપક્ષમાં કે કૃષ્ણપક્ષમાં, ઉત્તરાયણમાં કે દક્ષિણાયનમાં જ્યારે પણ શરીર છોડે ત્યારે તેઓને લેવા માટે ભગવાનના પાર્ષદો આવી તેમને ભગવદ્ ધામમાં લઈ જાય છે.

અહીં આપણને શંકા થાય કે **મનુષ્ય પોતાના કર્મો અનુસાર જ ગતિ પામે છે તો પછી ભિષ્મજી જેવા તત્ત્વજ્ઞ, જીવનમુક્ત મહાપુરૂષ દક્ષિણાયનમાં શરીર ન છોડીને ઉત્તરાયણની પ્રતિક્ષા કેમ કરી હતી? તેનું સમાધાન એ છે કે ભિષ્મજી ભગવદ્‌ધામમાં ગયા નહોતા. તેઓ દ્યો નામના વસુ હતા. જેઓ શ્રાપના કારણે મૃત્યુલોકમાં આવ્યા હતા. આથી તેઓને દેવલોકમાં જવાનું હતું. દક્ષિણાયનના સમયે દેવલોકમાં રાત રહે છે અને તેના દરવાજા બંધ રહે છે. જો ભિષ્મજી દક્ષિણાયનના સમયે શરીર છોડતા તો તેમને પોતાના લોકમાં પ્રવેશ કરવાના માટે પ્રતિક્ષા કરવી પડતી. તેઓ પાસે ઈચ્છા મૃત્યુંનું વરદાન તો હતું જ તેથી તેમને વિચાર્યું કે ત્યાં પ્રતિક્ષા કરવા કરતાં અહીં પ્રતિક્ષા કરવી યોગ્ય છે કારણ કે અહીયાં ભગવાન શ્રી કૃષ્ણનાં દર્શન થતાં રહેશે અને સત્સંગ પણ થતો રહેશે જેનાથી બધાનું હિત થશે આવું વિચારી તેમને પોતાનું શરીર ઉત્તરાયણમાં છોડવાનું નક્કી કરેલ હતું.**

# ઉત્તર ભારતનો સૌથી લોકપ્રિય તહેવાર લોહડી

**લોહડી** એ એક પંજાબી તહેવાર છે. આ તહેવાર પંજાબી ખેડૂતો માટે વધારે મહત્ત્વપૂર્ણ હોય છે. આ સમયે ખેતર ઉપજ લહરાવે છે અને મોસમ સુહાવનો થવા લાગે છે. લોહડીની રાત સૌથી લાંબી રાત ગણાય છે ત્યારબાદ આવતા દિવસો ધીમે ધીમે મોટા થતા જાય છે. લોહડીનો તહેવાર પૌષ મહિનાની અંતિમ રાત્રે અને મકર સંક્રાતિની સવારે સુધી ઉજવાય છે. લોહડી ઉત્તર ભારતનો સૌથી લોકપ્રિય તહેવાર છે. પરંતુ ખાસ કરીને પંજાબમાં આ તહેવાર ખૂબ જ ધૂમધામથી મનાવવામાં આવે છે. વર્તમાન સમયમાં ગુજરાતમાં પણ ભાવનગર જેવા પ્રદેશમાં લોહડીનો તહેવાર ઉજવાય છે. લોહડી શબ્દને લઈને લોકોની અલગ-અલગ માન્યતાઓ છે. કેટલાય લોકો માને છે કે લોહડી શબ્દ 'લોઈ (સંત કબીરની પત્ની)'થી ઉત્પન્ન થયો હતો, પરંતુ કેટલાય લોકો આ શબ્દ તિલોડીમાંથી બન્યો હોય તેમ માને છે જે બાદમાં લોહરી બની ગયો અને કેટલાક લોકો એમ પણ માને છે કે આ શબ્દ લોહથી ઉત્પન્ન થયો હતો, જે રોટલી બનાવવા માટે ઉપયોગી એક ઉપકરણ છે. આજે વ્યવહારમાં લોહડી શબ્દ પણ પ્રયોજાય છે. ઘણાં લોકો માને છે કે લોહરીના દિવસે અગ્નિ રાજા દક્ષની પુત્રી સતીની યાદમાં પ્રગટાવવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર એકવાર રાજા દક્ષે યજ્ઞ કરાવ્યો અને તેમાં પોતાના જમાઈ શિવ અને પુત્રી સતીને આમંત્રિત કર્યા ન હતા. આ વાતથી નિરાશ થઈને સતી પોતાના પિતા પાસે જવાબ માંગવા પહોંચી કે તેમણે શિવજીને યજ્ઞ માટે આમંત્રણ કેમ મોકલ્યું નથી. આ વાત પર રાજા દક્ષે સતી અને ભગવાન શિવની ખૂબ જનિંદા કરી. સતી ખૂબ જ રોઈ, તેનાથી તેના પતિનું અપમાન જોઈ શકાતું ન હતું અને તેથી તેમણે આ યજ્ઞમાં પોતાની જાતને ભસ્મ કરી દીધી. સતીના મૃત્યુનાં સમાચાર સાંભળીને ભગવાન શિવે વીરભદ્રને ઉત્પન્ન કરીને તેના દ્વારા યજ્ઞનો નાશ કરી દીધો. ત્યારે કેટલાક લોકોનું માનવું છે કે અહીં આગ છેલ્લી લાંબી રાત અને માઘની પ્રથમ સવારની કડકડતી ઠંડીને ઓછી કરવા માટે પ્રગટાવવામાં આવે છે. લોહડીમાં ચોકમાં લાકડાનો હારમાળા ગોઠવીને ત્યારબાદ તેને પ્રગટાવવામાં આવે છે અને તેની પૂજા, પ્રદક્ષિણા કરવામાં આવે છે. આ તહેવારની ઉજવણીમાં જો લાકડાને બદલે ગાયના છાણનો ઉપયોગ કરવામાં આવે તો સ્વાસ્થ્યની તેમજ પર્યાવરણની દ્રષ્ટીએ પણ આ તહેવાર અતિ મહત્ત્વપૂર્ણ બની જશે તેથી એક સ્વસ્થ ભારતનું નિર્માણ થશે. - *મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)*



# જે મઝા ધાબા પર જઈને મિત્રો, પરિવાર સાથે પતંગ ચગાવવામાં આવે છે એ મઝા ટેરેસ પર નથી આવતી

## ધાબુ
### લલિત નિબંધ
લેખક: દીપક જગતાપ

**ઉ**ત્તરાણ આવે એટલે પતંગ તો આવે પણ પતંગ ચગાવવા માટે ઉત્તમ સ્થળ તો જોઈએ.

મારે મન પતંગ ચગાવવા માટે ઉત્તમ સ્થળ ધાબુ છે. વર્ષોથી લોકો ધાબા પતંગ ચગાવતા આવ્યા છે. જોકે આજે મોટા શહેરોમાં ધાબાનું સ્થાન અગાસી, મોટા મોટા ટેરેસોએ લઈ લીધું છે. પણ જે મઝા ધાબા પર જઈને મિત્રો, પરિવાર સાથે પતંગ ચગાવવામાં આવે છે એ મઝા ટેરેસ પર નથી આવતી.

આમ તો આખું વરસ ધાબુ ધૂળ ખાતું હોય છે. વેર વિખેર પડેલા સામાન વચ્ચે હાફતું ધાબુ વર્ષમાં એકવાર ઉતરાણના દિવસે ધાબુ ફરીથી જીવીત થાય છે.

ધાબા પર વેરવિખેર પડેલો સામાન ટૂટીયું વાળીને ઠન્ડીમાં ઢબૂરાયેલો હોય છે. પણ ઉતરાણ આવે ત્યારે ધાબુ ફરીથી ફિનિક્સ પંખીની જેમ જીવીત થાય છે. ટૂંટીયું વાળીને જાળીયા વચ્ચે ઢબુરાયેલા સામાનને કળ વળે છે. ધાબુ આળસ મરડીને બેઠું થાય છે. ધૂળની ચાદર ઉડવા માંડે છે અને ધૂળ ખંખેરાય છે.

પછી કોઈના ગોરીના પગલાનો દાદરના ચડવાનો અવાજ સંભળાય છે. પગથીએ છમ્મ છમ્મ ઝાંઝરના ઝીણા ઝમકારથી ધાબાના કાન સરવા થાય છે. ત્યારે ઉત્તરાણના દિવસે ધાબુ ફરી એકવાર જીવીત થતું હોય એવું લાગે છે. પછી તો ઝાટક ઝુટક, સાફ સફાઈની ઝુંબેશમાં ધાબુ પણ પાણી પાણી થઈ જાય છે. પાણીના ફુવારામાં ધાબાનો ચહેરો ખીલી ઉઠે છે ક્લીનસેવ જેવો.

ઉત્તરાણના દિવસે ધાબાની ફર્શને ગોરા હાથનો સ્પર્શ થાય છે ને ધાબુ રોમાંચીત થઈ છે. પછી તો ધાબુ તા.. તા.. થૈયા.. તા..થઈ.. તા.. થઈ..ના તાનમાં ધાબુ નૃત્ય કરવા લાગી જાય છે. સજીવન થયેલા ધાબા પર પછી તો પતંગો, ને ફીરકી, ને ગોગલ્સ, ટોપીના નવા સામાનનો ઢગલો જોઈને પવનની લહેરખીમાં ધાબુ રીતસરનું ઉડવા માંડે છે. ધાબા પર બા, બાપુજી, ટાબરિયાંઓ અને જીન્સ ટી-શર્ટમાં શોભતા પ્રેમી પંખીડાઓની એન્ટ્રીથી ધાબુ રીતસરનું ડાન્સ કરવા લાગે છે.

ધાબા પર મીઠાં બોર, શેરડી ને ચીકીનો સ્વાદ ચાખી ગયેલું ધાબુ ઊંધિયું પુરી ને જલેબીની મિજબાની માણતું ધાબુ ખાઉધરું થઈ જાય છે. આકાશમાં ઉડતા પતંગોની સાથે કાઈપો છે.. ને લપેટ..ની ચીચીયારીઓ વચ્ચે અટવાયેલું ધાબુ પણ ચીચીયારીઓ પાડવા માંડે છે.

પછી ધાબા પર કપાઈને આવેલી પતંગ ને તૂટેલી દોર લૂંટવા ટાબરિયાંઓની ધમાલ વચ્ચે ધાબુ હસી હસીને લોટ પોટ થઈ જાય છે. હા, ઉતરાણના દિવસે ત્યારે ખરેખર ધાબુ જીવીત થઈ જતું હોય છે.

સવારથી સાંજ સુધી ધાબા પરની આખા દિવસની ધમાચકડી વચ્ચે ધાબુ હવે થાકીને લોથપોથ થઈ ગયું છે. સાંજ પડતા પાછા ફરતા પંખીઓની સાથે આકાશમાંથી ઉતરતા પતંગો, ઓસરતી સંધ્યા ને ખાલી થતા ધાબાનો ધમધમાટ ઓસરવા લાગે છે. ફાટેલા પતંગો, તૂટેલી દોરીના ટુકડા, શેરડીના કૂચા, કાગળના નાસ્તાની વેર વિખેર ડીશો ને કઈ કેટલાય કચરાનો ઢગલો વચ્ચે ધાબુ કચરાપેટી થઈ જાય છે.

સાંજ પડતા ધાબુ છોડીને ધબ ધબ ઉતરતા પગથિયાંનો અવાજ સાંભળીને ધાબાનો પારો ઉતરવા માંડે છે. ઠંડીનો ચમકારો.. ને સૂર્યાસ્તની વાટ સાથે ફરી એક વાર ધાબુ ઢબુરાઈ જાય છે અંધકારમાં. ધાબુ થાકી ગયું છે. લોથપોથ થઈ ગયું છે.. ધૂળની ડમરીઓ ધાબાને ઘેરી વળી છે. ધાબુ ખાલીખમ થઈ ગયું છે. હવે ધાબા પર કોઈ ચઢતું નથી. કોઈ ઉતરતું નથી.. ધાબુ સાવ એકલું અટુલું રડવા જેવું થઈ જાય છે.

હા, સાચી વાત છે, આમ તો આખું વરસ ધાબુ ધૂળ ખાતું હોય છે.. પણ વર્ષમાં એક વાર ધાબુ જીવીત થાય છે...!

## કેન્દ્રએ તાબડતોબ ટીમ મોકલી

# પશ્ચિમ બંગાળમાં નિપાહ વાઈરસના બે શંકાસ્પદ કેસના કારણે હડકંપ મચી

### આ બંને નર્સ ડિસેમ્બર મહિનામાં મિદનાપુર અને બર્ધમાન સ્થિત પોતાના ઘરે ગયા હતા, જ્યાં તેઓ બીમાર પડ્યા હતા




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૩**

પશ્ચિમ બંગાળના પરગણા જિલ્લાના બારાસાતમાં નિપાહ વાયરસના બે શંકાસ્પદ કેસ સામે આવતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાયો છે.

આ બંને દર્દીઓ બારાસાતની એક ખાનગી હોસ્પિટલમાં મેલ અને ફીમેલ નર્સ તરીકે ફરજ બજાવે છે. હાલ તેમની હાલત અત્યંત ગંભીર હોવાનું જણાવાયું છે અને તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. અહેવાલ મુજબ, આ બંને નર્સ ડિસેમ્બર મહિનામાં મિદનાપુર અને બર્ધમાન સ્થિત પોતાના ઘરે ગયા હતા, જ્યાં તેઓ બીમાર પડ્યા હતા.

બંગાળના મુખ્ય સચિવ નંદિની ચક્રવર્તીએ આ મામલે પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, બંને શંકાસ્પદ દર્દીઓ એક જ હોસ્પિટલમાં કામ કરે છે અને હાલ ત્યાં જ સારવાર હેઠળ છે. વાયરસના ફેલાવાને રોકવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક 'કોન્ટેક્ટ ટ્રેસિંગ' શરૂ કરી દેવામાં આવ્યું છે. આ બંને વ્યક્તિઓના સેમ્પલ પુષ્ટિ માટે પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી(NIV) ખાતે મોકલવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારને પણ આ અંગે જાણ કરવામાં આવી છે અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓએ અસરગ્રસ્ત જિલ્લાઓના મેડિકલ ઓફિસરો સાથે તાકીદની બેઠકો યોજી છે.

નિપાહ વાયરસ મુખ્યત્વે ચામાચીડિયા દ્વારા ફેલાય છે. જોકે, ચામાચીડિયામાંથી તે ડુક્કર, પશુઓ કે મનુષ્યોમાં કેવી રીતે પ્રવેશે છે તે અંગે વૈજ્ઞાનિકો પાસે હજુ કોઈ ચોક્કસ તારણ નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે સંક્રમિત ચામાચીડિયાની લાળ કે પેશાબના સંપર્કમાં આવવાથી ચેપ લાગી શકે છે. નિપાહ વાયરસમાં મૃત્યુદર ૭૦% જેટલો ઊંચો હોવાથી તે અત્યંત જોખમી માનવામાં આવે છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ આ સ્થિતિ અંગે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે ફોન પર વાત કરી હતી અને કેન્દ્ર તરફથી તમામ ટેકનિકલ અને લોજિસ્ટિક મદદની ખાતરી આપી છે.

કેન્દ્ર દ્વારા એક 'નેશનલ જોઈન્ટ આઉટબ્રેક રિસ્પોન્સ ટીમ' તૈનાત કરવામાં આવી છે અને વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા માટે જરૂરી પ્રોટોકોલ જાહેર કરવામાં આવ્યા છે. હાલમાં જે લોકો આ બંને નર્સના સંપર્કમાં આવ્યા હતા, તેમને શોધીને હોમ આઈસોલેશનમાં રહેવાની સૂચના આપવામાં આવી છે.

## રખડતા શ્વાનોના આતંક હવે નહીં ચાલે

# સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારો અને શ્વાન પ્રેમીઓને લીધા આડેહાથ





### જો શ્વાન કરડવાથી કોઈનું મોત થશે અથવા કોઈ ઇજાગ્રસ્ત થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારની રહેશે અને સરકારે ભારે વળતર ચૂકવવું પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૩**

દેશમાં રખડતા શ્વાનોના વધતા આતંક અને હુમલાની ઘટનાઓ પર સુપ્રીમ કોર્ટે આજે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જો શ્વાન કરડવાથી કોઈનું મોત થશે અથવા કોઈ ઈજાગ્રસ્ત થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી રાજ્ય સરકારની રહેશે અને સરકારે ભારે વળતર ચૂકવવું પડશે.જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની બેન્ચે સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે, જે લોકો રસ્તા પર રખડતા શ્વાનોને ખવડાવે છે, તેમની પણ જવાબદારી નક્કી થવી જોઈએ. કોર્ટે કહ્યું, "જો તમને શ્વાનો પ્રત્યે આટલો જ પ્રેમ હોય, તો તેમને તમારા ઘરે લઈ જાવ. તેમને રસ્તા પર લોકોને ડરાવવા કે કરડવા માટે ન છોડો."

સુપ્રીમ કોર્ટે એક મહત્વની વાત એ કહી કે શ્વાનોમાં એક ચોક્કસ પ્રકારનો વાયરસ હોય છે, જે અસાધ્ય છે. જસ્ટિસ મહેતાએ રણથંભોર નેશનલ પાર્કનું ઉદાહરણ આપતા કહ્યું કે ત્યાં શ્વાન કરડવાથી વાઘ પણ ગંભીર બીમારીનો શિકાર બન્યા હતા. સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો કે જ્યારે ૯ વર્ષના માસૂમ બાળક પર હુમલો થાય, ત્યારે શું આપણે આંખ આડા કાન કરી શકીએ?

સુપ્રીમ કોર્ટે ચેતવણી આપી છે કે રખડતા શ્વાનોના નિયંત્રણ માટે જો સરકાર કંઈ નહીં કરે, તો દરેક જાનહાનિ માટે રાજ્ય સરકાર જવાબદાર ગણાશે. બાળકો અને વૃદ્ધોના સુરક્ષાના અધિકારને સર્વોપરી ગણતા કોર્ટે વળતર લાદવાની વાત કરી છે.

સુનાવણી દરમિયાન અભિનેત્રી શર્મિલા ટાગોરના વકીલે જ્યારે દલીલ કરી કે 'બધા શ્વાન આક્રમક નથી હોતા', ત્યારે કોર્ટે તેમને અટકાવતા કહ્યું હતું કે શ્વાનોને મહાન સાબિત કરવાનો પ્રયાસ ન કરો. કોર્ટે અગાઉ પણ હોસ્પિટલ, રેલવે સ્ટેશન અને શૈક્ષણિક સંસ્થાઓમાંથી શ્વાનોને હટાવવાનો આદેશ આપેલો છે.

૯ જાન્યુઆરી, ૨૦૨૬: અભિનેત્રી શર્મિલા ટાગોરના વકીલે દિલ્હી AIIMS ના 'ગોલ્ડી' નામના શ્વાનનું ઉદાહરણ આપી દલીલ કરી કે બધા શ્વાન આક્રમક નથી હોતા. કોર્ટે વકીલને ફટકાર લગાવતા કહ્યું કે, શ્વાનોને મહાન બતાવવાની કોશિશ ન કરો.

૮ જાન્યુઆરી, ૨૦૨૬: જસ્ટિસ નાથે અવલોકન કર્યું કે શ્વાન માણસનો ડર પારખી જાય છે અને એટલે જ કરડે છે. જ્યારે વકીલે આ વાતનો ઈનકાર કર્યો, ત્યારે જસ્ટિસે સ્પષ્ટ કહ્યું કે તેઓ આ વાત પોતાના અંગત અનુભવ પરથી કહી રહ્યા છે.

૭ નવેમ્બર, ૨૦૨૫: કોર્ટે સ્કૂલ, હોસ્પિટલ અને રેલવે સ્ટેશન જેવા જાહેર સ્થળોએથી શ્વાનનોને તાત્કાલિક હટાવવાનો આદેશ આપ્યો અને સૂચના આપી કે તેમને ફરી એ જ જગ્યાએ ન છોડવામાં આવે.૩ નવેમ્બર, ૨૦૨૫: કોર્ટે મુખ્ય સચિવોને હાજર રહેવા આદેશ આપ્યો હતો. બિહારના મુખ્ય સચિવે ચૂંટણીનું બહાનું કાઢી મુક્તિ માંગી, જે કોર્ટે ફગાવી દીધી અને હાજર રહેવા મજબૂર કર્યા.

૨૭ ઓક્ટોબર, ૨૦૨૫: કોર્ટે ચિંતા વ્યક્ત કરી કે રખડતા શ્વાન કરડવાની વધતી ઘટનાઓને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની છબી ખરાબ થઈ રહી છે.

૨૨ ઓગસ્ટ, ૨૦૨૫: અગાઉના આદેશમાં સુધારો કરી કોર્ટે નસબંધી અને રસીકરણ બાદ કૂતરાઓને નિર્દિષ્ટ 'ફીડિંગ ઝોન' માં રાખવા અને દેખરેખ રાખવા જણાવ્યું હતું.

૧૧-૧૪ ઓગસ્ટ, ૨૦૨૫: આ કેસની શરૂઆતમાં કોર્ટે પ્રથમ વખત કડક વલણ અપનાવી શ્વાનનોને રસ્તા પરથી ઉઠાવી શેલ્ટર હોમમાં ખસેડવાનો આદેશ આપ્યો હતો.

# બ્લિંકિટમાં હવે ૧૦ મિનિટની ડિલીવરી નહીં કરવામાં આવે, સરકારે લગાવી રોક




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૩**

૧૦ મિનિટની ડિલીવરી પર સરકાર દ્વારા રોક લગાવવામાં આવી છે. એટલે કે ૧૦ મિનિટમાં ડિલીવરીનો દાવો હવે હટાવવામાં આવશે. બ્લિંકિટ, ઝેપ્ટો, સ્વીગી અને ઝોમેટોથી ચર્ચા કરવામાં આવી. ડિલીવરી બોયની સુરક્ષિતને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી માહિતી પ્રમાણે ૧૦ મિનિટમાં ડિલીવરી વાળા ક્વિક કોમર્સ મોડલને લઈને હવે સરકાર કડક થઇ ગઇ છે. ડિલીવરી બોયની સિક્યોરિટી સુનિશ્ચિત કરવા માટે હવે સરકારે હસ્તક્ષેપ કર્યો છે. સરકારના હસ્તક્ષેપ બાદ બ્લિંકિટે હવે દરેક બ્રાન્ડથી ૧૦ મિનિટ ડિલીવરીનું ફિચર હટાવવાનું એલાન કર્યુ છે.

શ્રમ મંત્રી મનસુખ માંડવિયાએ આ મુદ્દા પર ક્વિક કોમર્સ સેક્ટરમાં સક્રિય કંપનીઓ સાથે વાતચીત કરી હતી.જેની અસર હવે જોવા મળી છે. બ્લિંકિટ હવે દરેક બ્રાન્ડ પરથી ૧૦ મિનિટમાં ડિલીવરીની વાત હટાવવા જઇ રહ્યુ છે.મળતી માહિતી પ્રમાણે બ્લિંકિટ બાદ દરેક કંપનીઓ તરફથી પણ જલ્દી જ આ રીતે એલાન કરવામાં આવી શકે છે.

કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાને તમામ કંપનીઓએ ખાતરી આપી છે કે તેઓ પોતાના બ્રાન્ડની જાહેરાતો અને સોશિયલ મીડિયા પરથી ૧૦ મિનિટમાં ડિલિવરી કરવાની સમયમર્યાદા હટાવશે. કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાએ બ્લિંકિટ, ઝેપ્ટો, સ્વિગી અને ઝોમેટોના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. મનસુખ માંડવિયાએ આ કંપનીઓના અધિકારીઓને ડિલિવરી માટેની સમયમર્યાદા દૂર કરવા અંગે જણાવ્યું હતું. કેન્દ્રિય મંત્રી સાથેની ચર્ચા દરમિયાન તમામ કંપનીઓએ પોતાની જાહેરાતોમાંથી ટાઈમ લિમિટ હટાવવા પર સંમતિ વ્યક્ત કરી હતી.

## હિઝબુલ-લશ્કર સાથે જોડાયેલા હોવાના મળ્યા પુરાવા

# આતંકીઓને મદદ કરનારા ૫ નીકળ્યા સરકારી કર્મી

### આ વ્યક્તિઓ લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદ્દીન જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જમ્મુ કાશ્મીર,તા.૧૩**

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ સરકારી તંત્રમાં છુપાયેલા આતંકવાદીઓના સમર્થક અને તેઓના મદદકર્તા ઓવરગ્રાઉન્ડ વર્કર્સને મૂળમાંથી જડમૂળથી ઉખેડી નાખવા માટે ઝુંબેશ વધુ તીવ્ર બનાવી છે. આ પ્રયાસના ભાગ રૂપે પાંચ સરકારી કર્મચારીઓને કાઢી મૂકવામાં આવ્યા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ વ્યક્તિઓ લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદ્દીન જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે બરતરફ કરાયેલા કર્મચારીઓમાં એક શિક્ષક, મોહમ્મદ ઈશાક, એક લેબ ટેકનિશિયન, તારિક અહેમદ શાહ, એક સહાયક લાઈનમેન, બશીર અહેમદ મીર, એક વન ક્ષેત્ર કાર્યકર, ફારુક અહેમદ ભટ અને એક આરોગ્ય વિભાગના ડ્રાઈવર, મોહમ્મદ યુસુફનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન તેમના કાર્ય અને વર્તન પર નજીકથી નજર રાખવામાં આવી હતી. અંતે જ્યારે તેમના આતંકવાદી સંબંધોના નક્કર પુરાવા બહાર આવ્યા, ત્યારે એલજી વહીવટીતંત્રે વિલંબ કર્યા વિના તે બધાને કાઢી મૂકવાના નિર્દેશ આપવામાં આવ્યા અને આ પછી તેમની સેવાઓ સમાપ્ત કરવામાં આવી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ તમામ વ્યક્તિઓ લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદ્દીન જેવા આતંકવાદી સંગઠનો સાથે લિંક્સ ધરાવતા હોવાનું જાણવા મળ્યું છે. આ બાબત અત્યંત ગંભીર છે કારણ કે આ વ્યક્તિઓ જાહેર વિશ્વાસના હોદ્દા પર હતા. એક તરફ તેઓ સરકારી તિજોરીમાંથી પગાર મેળવતા હતા તો બીજી તરફ તેઓ લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદ્દીન જેવા ખતરનાક આતંકવાદી જૂથોને ટેકો આપી રહ્યા હતા. આ વ્યક્તિઓ આતંકવાદીઓ માટે ઓવરગ્રાઉન્ડ વર્કર્સ તરીકે કામ કરી રહ્યા હતા.

લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ સ્પષ્ટ કર્યું છે કે સરકારી તંત્રમાં દેશદ્રોહીઓ માટે કોઈ સ્થાન નથી અને આતંકના આ સમગ્ર ઈકોસિસ્ટમને જડમૂળથી ઉખેડી નાખવામાં આવશે.

લેફ્ટનન્ટ ગવર્નરના આ પગલાને જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ અને સુરક્ષા પુનઃસ્થાપિત કરવા તરફ એક મોટી જીત માનવામાં આવી રહી છે. વહીવટીતંત્ર કેટલાક સમયથી સરકારી વિભાગોની તપાસ કરી રહ્યું છે જેથી આતંકવાદીઓ માટે માહિતી પ્રદાતા તરીકે સેવા આપનારા લોકોની ઓળખ કરી શકાય.

## મમતા સામે એફઆઈઆર દાખલ કરવા આદેશ

# રૂ. ૨૭૪૨ કરોડના કૌભાંડના પુરાવા સાથે ચેડાં: મમતા સામે ઈડી સુપ્રીમમાં





(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા,તા.૧૩**

પશ્ચિમ બંગાળમાં ટીએમસીના ચૂંટણી પ્રચારની જવાબદારી સંભાળનારી આઇ-પેકની ઓફિસે ઈડી દ્વારા દરોડા પડાયા ત્યારે મુખ્યમંત્રી મમતા બેનરજી ત્યાં પહોંચી ગયા હતા અને ઓફિસમાં ઘૂસીને ફાઈલો લઈને બહાર આવી ગયા હતા. આ મામલે હવે ઈડી દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઇ છે જેમાં મમતા સામે એફઆઈઆર દાખલ કરવા આદેશ આપવાની માગણી કરવામાં આવી છે. સુપ્રીમમાં કરેલી અરજીમાં ઈડીએ મમતા ઉપરાંત બંગાળના ડીજીપી, કોલકાતાના પોલીસ કમિશનર સામે પણ કાર્યવાહીમાં દખલ દેવા ઉપરાંત પુરાવાનો નાશ કરવાના આરોપો લગાવ્યા છે. ઈડીએ સુપ્રીમમાં કહ્યું છે કે અગાઉ એજન્સી દ્વારા આ મામલે કલકત્તા હાઈકોર્ટમાં પણ અરજી કરવામાં આવી હતી પરંતુ મુખ્યમંત્રી અને ટીએમસીના સમર્થકો દ્વારા કોર્ટમાં ખલેલ પહોંચાડવામાં આવી હતી જેને કારણે જજે કાર્યવાહીને સ્થગિત કરવી પડી હતી. કલકત્તા હાઈકોર્ટમાં ઈડીની અરજી બાદ બંગાળ સરકારે કેવીએટ દાખલ કરી હતી અને કોઇ પણ આદેશ પહેલા સરકારને સાંભળવામાં આવે તેવી માગણી કરી હતી.

ઈડીએ અન્ય એક મોટો આરોપ નાણાકીય ગેરરિતીને લઈને કર્યો છે. ઈડીએ દાવો કર્યો છે કે ૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ કાયદેસરના સર્ચ ઓપરેશનમાં ઈરાદાપૂર્વક દખલ દેવામાં આવી હતી. ૨૭૪૨.૩૨ કરોડના કોલસા તસ્કરી અને મની લોન્ડરિંગ કૌભાંડ સાથે આ મામલો જોડાયેલો છે. આ કૌભાંડ સાથે જોડાયેલા ૨૦ કરોડ રૂપિયાથી વધુની રકમ હવાલા ચેનલ દ્વારા આઈપેક સુધી પહોંચી ગઇ છે. મમતા બેનરજી આશરે ૧૦૦ જેટલા પોલીસકર્મીઓની સાથે પ્રતીક જૈનના આવાસ પર પહોંચ્યા હતા, સર્ચ દરમિયાન ઈડીના અધિકારીઓને રોક્યા, જપ્ત કરાયેલા લેપટોપ, મોબાઈલ ફોન અને દસ્તાવેજોને બળજબરીથી લઈને પોલીસ કસ્ટડીમાં બે કલાક રાખવામાં આવ્યા. ઈડીનું કહેવુ છે કે મમતાએ ઈડીના અધિકારીઓને ધમકાવ્યા, તપાસ પુરી કરવા દેવામાં ના આવી. જે બાદ કોલકાતાના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ઈડીના અધિકારીઓની સામે ચાર ફરિયાદ દાખલ કરવામાં આવી. ઈડીએ આ સમગ્ર મામલે મમતા, ડીજીપી, પોલીસ કમિશનર સામે એફઆઈઆર ઉપરાંત સીબીઆઈ તપાસની માગ કરી છે.

# હિમાચલ પ્રદેશમાં ગેરેજમાંથી રસ્તા પર આવશે વિન્ટેજ કાર, સરકારનો મોટો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)

**હિમાચલ પ્રદેશ,તા.૧૩:** હિમાચલ પ્રદેશ સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જેના કારણે વિન્ટેજ અને ક્લાસિક કારના શોખીન લોકોમાં ખુશી જોવા મળી રહી છે. ૫૦ વર્ષથી વધુ જૂની કાર અને મોટરસાયકલો, જેમની R.C. (રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ) સમાપ્ત થઈ ગઈ હતી, હવે ફરીથી નોંધણી કરાવીને રસ્તા પર ચલાવી શકાશે. નાયબ મુખ્યમંત્રી મુકેશ અગ્નિહોત્રીએ આ વાતની સત્તાવાર પુષ્ટિ કરી છે. ઘણા લોકો પાસે એવી કાર છે જે વર્ષો પહેલાં તેમના પૂર્વજો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી હતી. સમય જતાં આ વાહનો ગેરેજમાં ધૂળ ખાતા રહ્યા, કારણ કે કાયદાકીય મંજૂરી ન હોવાથી તેને રસ્તા પર ચલાવી શકાતી ન હતી. હવે પરિવહન વિભાગ નવા નિયમો બનાવી રહ્યો છે, જેથી આવા વાહનોને ફરીથી જીવન મળી શકે.



નવી વ્યવસ્થા મુજબ, વિન્ટેજ અને ક્લાસિક વાહનોની ફરીથી નોંધણી કરવામાં આવશે. તેમની ટેકનિકલ ફિટનેસ ચકાસવામાં આવશે, જેથી સુરક્ષાની કોઈ ખામી ન રહે. ફિટનેસ પૂર્ણ થયા બાદ વાહનને નવો નોંધણી નંબર આપવામાં આવશે. ખાસ વાત એ છે કે વિન્ટેજ કાર માટે અલગ નંબર શ્રેણી રાખવામાં આવશે, જે દેશના કેટલાક અન્ય રાજ્યોમાં પહેલેથી અમલમાં છે.

સરકાર આ પ્રક્રિયાને સરળ બનાવવા માટે ઓનલાઈન અરજી વ્યવસ્થા લાવવાની તૈયારીમાં છે. ફી, દસ્તાવેજો અને અન્ય શરતોને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. આ પગલાંથી માત્ર કારના શોખીન લોકોને જ નહીં, પરંતુ પ્રવાસન અને ઈવેન્ટ ઈન્ડસ્ટ્રીને પણ ફાયદો થશે. આજના સમયમાં લગ્નમાં વિન્ટેજ કારનો ઉપયોગ કરવો એક મોટો ટ્રેન્ડ બની ગયો છે. ખાસ કરીને શિમલા જેવા શહેરોમાં લોકો લગ્ન માટે અન્ય રાજ્યોમાંથી મોંઘી વિન્ટેજ કાર ભાડે મંગાવે છે. નવા નિયમો લાગુ થયા બાદ, હિમાચલમાં જ ઉપલબ્ધ વિન્ટેજ કારનો ઉપયોગ વધશે અને સ્થાનિક લોકોને આવકનો નવો સ્રોત મળશે. તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલી વિન્ટેજ કાર રેલીમાં ૧૯૩૨ની દુર્લભ કાર સહિત ૧૦૦થી વધુ વિન્ટેજ વાહનો જોવા મળ્યા હતા.

## રાજસ્થાનના કેટલાય વિસ્તારોમાં તાપમાન ગગડ્યું

# ઉત્તર ભારત રેફ્રિજરેટર બન્યું દિલ્હી શિમલા કરતાં પણ વધુ ઠંડુ

### ગાત્રો ધ્રૂજાવતી ઠંડીના લીધે પંજાબના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન એકથી ચાર ડિગ્રીની વચ્ચે જોવા મળ્યું



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૩**

ઉત્તરમાં હિમાળા પવનોના કારણે કોલ્ડ વેવનો પ્રારંભ થતાં આખુ ઉત્તર ભારત જાણે રેફ્રિજરેટર બન્યું હોય તેવી સ્થિતિ છે. જમ્મુ-કાશ્મીરમાં તો પારો શૂન્યથી નીચે ઉતરી જ ગયો છે, પરંતુ રાજસ્થાનના કેટલાય સ્થળોએ પારો શૂન્યથી નીચે ઉતરી ગયો છે. આજે સ્થિતિ એવી છે કે શિમલાથી ઓછું તાપમાન દિલ્હીમાં છે.શિમલામા તાપમાન ચાર ડિગ્રીથી નીચુ અને દિલ્હીમાં તાપમાન ત્રણ ડિગ્રીથી નીચે ઉતર્યુ છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હજી પણ કમસેકમ એક અઠવાડિયુ તો ગાત્રો ધ્રૂજાવતી ઠંડી પડે તેવું અનુમાન છે. આના પગલે ઉત્તર ભારતમાં શીત લહેર એટલે કે કોલ્ડ વેવ પણ સર્જાઈ શકે છે. હવામાન વિભાગે રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, દિલ્હી, ચંદીગઢ, ઉત્તરપ્રદેશ અને બિહારમાં ગાઢ ધુમ્મસની ચેતવણી સાથે ઓરેન્જ એલર્ટ જારી કર્યુ છે. ગાઢ ધુમ્મસનું સંકટ આગામી કેટલાક દિવસો સુધી ચાલી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર ભારતમાં ૧૪ જાન્યુઆરી સુધી મહત્તમ તાપમાન ૧૯થી૨૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ત્રણથી ચાર ડિગ્રી રહેવાનો અંદાજ છે. ઠંડીને ધ્યાનમાં રાખતા વહીવટીતંત્રએ ૧૫ જાન્યુઆરી સુધી નર્સરીથી આઠમા ધોરણના વિદ્યાર્થીઓ માટે રજા જાહેર કરી છે. ઠંડી જળવાઈ રહે તો રજા લંબાઈ પણ શકે છે. દિલ્હીની સફદરગંજ વેધશાળામાં લઘુત્તમ તાપમાન ૩.૨ ડિગ્રી નોંધાયુ હતુ. આ ઉપરાંત હરિયાણાના ગુરુગ્રામ અને પંજાબના ભટિંડામાં પણ ગાત્રો થીજાવતી ઠંડી પડી રહી છે. અહીં લઘુત્તમ તાપમાન ૦.૬ ડિગ્રી જેટલું થઈ ગયું છે. બંને સ્થળોએ રવિવારની રાત્રિ મોસમની અત્યાર સુધીની ઠંડી રાત્રિ હતી.

અમૃતસરમાં લઘુત્તમ તાપમાન ૧.૧ ડિગ્રી, ફરીદકોટમાં ૧.૮ ડિગ્રી, નારનૌલમાં તાપમાન ૧.૨ ડિગ્રી નોંધાયુ હતુ. રાજસ્થાનના સીકરના ફતેપુરમાં લઘુત્તમ તાપમાન ૦.૪ ડિગ્રી નોંધાયુ છે.

રાજસ્થાનના ૧૧ જિલ્લામાં કોલ્ડ વેવના લીધે રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ જારી કરવામાં આવ્યા છે. કાશ્મીરમાં ચાલતા ચિલાઇ કલાનના કારણે મોટાભાગના વિસ્તારોમાં તાપમાન શૂન્યથી નીચે ઉતરી ગયું છે. જ્યારે રાજસ્થાનના કેટલાય વિસ્તારોમાં તાપમાનનો પારો ગગડયો છે. ચુરુમાં સોમવારે લઘુત્તમ તાપમાન ૧.૩ ડિગ્રી નોંધાયુ હતુ. ઠંડી એટલી બધી હતી કે રસ્તાઓ પર ટ્રાફિક ઘટી ગયો હતો. રસ્તાઓ પર વાહનોની અને ગલીઓમાં લોકોની હાજરી પાંખી થઈ ગઈ હતી.

# મહારાષ્ટ્રમાં ચૂંટણીને પગલે બાર અને વાઈન શોપ્સના શટર પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મહારાષ્ટ્ર ,તા.૧૩**

મહાનગરપાલિકાની હદમાં આવતા તમામ વાઈન શોપ્સ, બાર, પરમિટ રૂમ અને રેસ્ટોરન્ટ્સ જ્યાં દારૂ પીરસવામાં આવે છે, તે તમામ ચાર દિવસ સુધી બંધ રહેશે. આ આદેશનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે અને તેમના લાયસન્સ પણ રદ થઈ શકે છે. પોલીસ અને એક્સાઈઝ વિભાગની ટીમો સતત પેટ્રોલિંગ કરશે જેથી ગેરકાયદે દારૂની હેરાફેરી અટકાવી શકાય.

ચૂંટણી દરમિયાન મતદારોને લલચાવવા માટે ઘણીવાર દારૂનો દુરુપયોગ થતો હોવાની ફરિયાદો ઉઠતી હોય છે. આ ઉપરાંત, દારૂના નશામાં જૂથ અથડામણો કે કાયદો-વ્યવસ્થા બગડવાની સંભાવના રહેલી હોય છે. આ જોખમોને ટાળવા અને સામાન્ય નાગરિકો નિર્ભય બનીને મતાધિકારનો ઉપયોગ કરી શકે તે હેતુથી પ્રશાસન દ્વારા આ ડ્રાય ડે લાદવામાં આવ્યો છે. અધિકારીઓએ જનતાને અપીલ કરી છે કે તેઓ લોકશાહીના આ પર્વને શાંતિપૂર્ણ રીતે ઉજવવામાં સહકાર આપે. જો તમે આ ચાર દિવસો દરમિયાન મહારાષ્ટ્રના આ શહેરોની મુલાકાતે હોવ, તો આ નિયમોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

### ભારત ચીન બોર્ડર પર ચીનની અવળચંડાઈ ફરી વધી ગઈ

# ચીને જમ્મુ કાશ્મીરની શકસગામ વેલી ક્ષેત્રને પોતાનો વિસ્તાર ગણાવ્યો છે, ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર થકી પાકિસ્તાન સુધી રસ્તો બનાવી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી,તા.૧૩**

ભારત ચીન બોર્ડર પર ચીનની અવળચંડાઈ ફરી વધી ગઈ છે, ચીને જમ્મુ કાશ્મીરની શકસગામ વેલી ક્ષેત્રને પોતાનો વિસ્તાર ગણાવ્યો છે, ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર થકી પાકિસ્તાન સુધી રસ્તો બનાવી રહ્યું છે. જે આ ક્ષેત્રમાંથી નીકળે છે. ભારતે આ મામલે કડક વલણ દાખવ્યું છે, ભારત આ ક્ષેત્રમાં કોઈ પણ ગેરકાયદેસર વિદેશી નિર્માણની વિરુદ્ધ રહ્યું છે. ભારતે ૯ જાન્યુઆરીએ પણ આ ક્ષેત્ર પર ચીનના કંટ્રોલને ગેરકાયદેસર કબજો ગણાવ્યો હતો.



ગ્લોબલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગએ સોમવારે કહ્યું હતું કે જે ક્ષેત્ર(શકસગામ વેલી)ને લઈને સવાલો ઉઠી રહ્યા છે તે ચીનનો ભાગ છે, પોતાના વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું ચીનનો અધિકાર છે, તેના પર કોઈ સવાલ નહીં ઉઠાવી શકે. મહત્વનું છે કે પાકિસ્તાને ૧૯૪૮માં શકસગામ વેલી પર ગેરકાયદેસર કબજો કરી લીધો હતો અને ૧૯૬૩માં આ ક્ષેત્ર ચીનને સોંપી દીધું હતું.

માઓ નિંગએ વધુમાં કહ્યું હતું કે ચીન અને પાકિસ્તાને ૧૯૬૦ના દશકમાં સરહદ કરાર કર્યો હતો, બંને દેશો વચ્ચે પોતાની સરહદ નક્કી કરવામાં આવી હતી, આ નિર્ણય બંને દેશોએ પોતાના સંપ્રભુત્વના અધિકારો હેઠળ કર્યો હતો.

CPEC અંગે ચીની પ્રવક્તાએ કહ્યું કે આ એક આર્થિક સહયોગ માટેની પરિયોજના છે, જેનો હેતુ લોકલ આર્થિક અને સામાજિક વિકાસને વધારવાનો છે, જેનાથી લોકોની જિંદગી વધારે સારી બનાવી શકાય, ચીન-પાક સરહદ કરાર અને CPECનો કાશ્મીર મુદ્દા સાથે ચીનને કોઈ લેવાદેવા નથી, તે મામલે ચીનની સ્થિતિ હંમેશા પહેલા જેવી જ છે.

૯ જાન્યુઆરીના રોજ કાશ્મીર મુદ્દે ચીનના વધતાં પ્રભાવ પર ભારતના વિદેશ વિભાગના પ્રવક્તા રણધીર જયસ્વાલને સવાલ કરવામાં આવ્યો હતો, જેના જવાબમાં તેમણે કહ્યું હતું કે શકસગામ વેલી ભારતનું ક્ષેત્ર છે, આપણે ૧૯૬૩માં ચીન અને પાકિસ્તાનના કહેવા પૂરતા સરહદ કરારને માન્યતા આપી નથી, અમે આ સરદાર કરારને ગેરકાયદે માનીએ છીએ, ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર CPECને પણ ભારત માન્યતા આપતું નથી, કારણ કે આ ભારતના ક્ષેત્રમાં થઈને જાય છે. જે પાકિસ્તાનના જબરદસ્તી અને ગેરકાયદે કબજામાં છે. જમ્મુ કાશ્મીર અને લદ્દાખ ભારતનું અભિન્ન અંગ છે, આ વતા ભારત પાકિસ્તાન અને ચીનને અનેક વખત જણાવી ચૂક્યું છે.

શક્સગામ વૈલીના પ્રશ્ન પર આવતા પહેલા તેનો ઈતિહાસ સમજવો અત્યંત જરૂરી છે. આઝાદી બાદ કાશ્મીરે ભારત સાથે રહેવાનું પસંદ કર્યું હતું, જોકે પાકિસ્તાને શિયાળાની આડમાં હુમલો કરીને ગેરકાયદેસર રીતે કાશ્મીરના કેટલાક હિસ્સા પર કબજો જમાવી લીધો. ત્યારબાદ પાકિસ્તાને આ ગેરકાયદેસર કબજા હેઠળના વિસ્તારનો એક ભાગ ચીનને સોંપી દીધો. હવે ચીન આ વિસ્તારને માત્ર પોતાનો ગણાવે છે એટલું જ નહીં, પરંતુ ત્યાં મોટા પાયે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પણ ચલાવી રહ્યું છે. ભારતે આ સામે સખત વિરોધ વ્યક્ત કર્યો છે, પરંતુ ચીનનો તર્ક છે કે તેણે પાકિસ્તાન સાથેના 'સરહદ કરાર' અંતર્ગત આ વિસ્તાર પ્રાપ્ત કર્યો હોવાથી તે ત્યાં બાંધકામ કરવાનો હક ધરાવે છે.

વર્ષ ૧૯૪૭માં દેશ આઝાદ થયો તે પહેલા શક્સગામ વેલી જમ્મુ-કાશ્મીર રિયાસતનો ભાગ હતી. ૧૯૪૮માં પાકિસ્તાને આ વિસ્તાર પર ગેરકાયદેસર કબજો કર્યો હતો. ત્યારબાદ ૧૯૬૩માં પાકિસ્તાને ચીન સાથે એક સમજૂતી કરી, જેના અંતર્ગત આશરે ૫,૧૮૦ ચોરસ કિલોમીટરનો આ વિસ્તાર ચીનને સોંપી દીધો. આ વેલી સિયાચીન ગ્લેશિયરની ઉત્તર-પશ્ચિમમાં આવેલી છે અને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે. અહીં ભારત, પાકિસ્તાન, ચીન અને અફઘાનિસ્તાનની સીમાઓ સ્પર્શે છે. ભારતે ચીન-પાકિસ્તાન વચ્ચેની આ ૧૯૬૩ની સમજૂતીને ક્યારેય માન્યતા આપી નથી.

આ ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર ચીનનાં ગોબી ડેઝર્ટના દક્ષિણ ભાગે આવેલાં ત્સિયાનથી શરૂ થઈ ઝિંગગ્યાંના પ્રાંતનાં હોનાન, ચારકંદ, કાશ્ગર થઈ પાકિસ્તાનના કબ્જા નીચેનાં કાશ્મીરમાં થઈ મુલ્તાન અને સક્કર થઈ ક્વેટા અને હલાત પહોંચી ત્યાંથી છેક બલુચિસ્તાન સિંધી ગ્વાડર (બલુચિસ્તાનના છેક દક્ષિણ પશ્ચિમ) ભાગે પહોંચશે.

CPEC પરિયોજના લગભગ ૬૦ બિલિયન ડોલરની છે અને ભારતે તેનો આકરો વિરોધ કર્યો છે, કારણ કે આ કોરિડોર પાકિસ્તાનના કબજા વાળા કાશ્મીર (PoK)ના રસ્તેથી પસાર થાય છે. ભારત તેને પોતાની સંપ્રભુતાનું ઉલ્લંઘન માને છે. તેમ છતા ચીન અને પાકિસ્તાન અફઘાનિસ્તાનને આ કોરિડોરથી જોડવાના પ્રયાસમાં છે. ચીન અને પાકિસ્તાન વચ્ચે હાલ ૧૬ હજાર કિલોમીટરનું દરિયાઈ અંતર છે, CPEC પ્રોજેક્ટથી ઘટીને ૫ હજાર કિલોમીટરનું થઈ જશે.

CPEC માટે ચીને પાકિસ્તાનમાં ૬૦ બિલિયન ડોલર(અંદાજિત ૫ લાખ કરોડ રૂપિયા)નું રોકાણ કર્યું છે. આ પ્રોજેક્ટને ૨૦૧૩માં શરૂ કરવામાં આવ્યો હતો. આ કોરિડોરમાં હાઈવે, રેલવે લાઈન, પાઈપલાઈન અને ઓપ્ટિકલ કેબલનું નેટવર્ક તૈયાર કરવામાં આવી રહ્યું છે. ચીન સતત પોતાની સિક્યોરિટી ફોર્સ મોકલવાની મંજૂરી આપવા માટે પાકિસ્તાન પર દબાણ બનાવી રહ્યું છે. અત્યાર સુધી તો પાકિસ્તાને તેની મંજૂરી આપી નથી પરંતુ ચીન તેનો પાક્કો મિત્ર છે અને શક્ય છે કે આજે નહીં તો કાલે, તે તેની મંજૂરી આપી દે. જો પાકિસ્તાન તેની મંજૂરી આપે છે તો ચીનની સેના ત્યાં તહેનાત થઈ જશે. આ ભારત માટે ચિંતા વધારનારી વાત હશે. કેમ કે તેનાથી ચીનની સેના PoK માં પણ આવી જશે, કેમ કે અહીં પણ ઘણા પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. ભારત PoKમાં કોઈ પણ વિદેશી સેનાની હાજરી સહન કરશે નહીં. PoK માં ચીની સેનાની હાજરી ભારતની ઉત્તર સરહદની પાસે ચીનની દખલગિરી વધારશે. તેનાથી ભવિષ્યમાં ભારત અને ચીન વચ્ચે ઉત્તર સરહદ પર પણ તણાવ વધવાનું જોખમ હોઈ શકે છે.

# કેનેડામાં સૌથી મોટી સોનાની ચોરી, એરપોર્ટથી 400KG ગોલ્ડ ઉઠાવી ગયા ચોર

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ટોરન્ટો,તા.૧૩**



કેનેડા પોલીસે સોમવારે દેશના ઈતિહાસની સૌથી મોટી સોનાની ચોરી (ગોલ્ડ ચોરી) મામલે મોટી કાર્યવાહી કરી છે. 'પ્રોજેક્ટ 24K' હેઠળ ૪૩ વર્ષીય અર્સલાન ચૌધરી નામના શખ્સને ટોરેન્ટો પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઝડપી પાડવામાં આવ્યો છે.એપ્રિલ ૨૦૨૩માં એરપોર્ટ પરથી ૪૦૦ કિલો શુદ્ધ સોનું (લગભગ ૬૬૦૦સોનાના બાર) અને ૨.૫ મિલિયન ડોલરની વિદેશી કરન્સીની ચોરી થઈ હતી. આ શિપમેન્ટ સ્વિટ્ઝર્લેન્ડના ઝ્યુરિખથી આવ્યું હતું અને એરપોર્ટ પરિસરમાંથી રહસ્યમય રીતે ગાયબ થઈ ગયું હતું. આ ચોરીને કેનેડાના ઈતિહાસમાં સૌથી મોટી સોનાની ચોરી ગણવામાં આવે છે, જેની કિંમત તે સમયે ૨૦ મિલિયન ડોલરથી વધુ હતી.અત્યાર સુધીમાં કેટલી ધરપકડ થઈ? - બીજા એક આરોપી, બ્રેમ્પ્ટનના રહેવાસી આર્ચિત ગ્રોવરની મે ૨૦૨૪માં ભારતથી આવતી વખતે પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી અટકાયત કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં ધરપકડ કરાયેલા લોકોમાં ૫૪ વર્ષીય પરમપાલ સિદ્ધુ (એર કેનેડાના પૂર્વ કર્મચારી), ૪૦ વર્ષીય અમિત જલોટા (બંને ઓન્ટારિયોના રહેવાસી), બ્રેમ્પ્ટનના ૩૬ વર્ષીય પ્રસાદ પરમલિંગમ, ટોરોન્ટોના ૩૭ વર્ષીય અલી રઝા, બ્રેમ્પ્ટનના ૪૩ વર્ષીય અમ્માદ ચૌધરી અને ૨૭ વર્ષીય દુરાંતે કિંગ-મેકલીનનો સમાવેશ થાય છે. કિંગ-મેકલીન હાલ અમેરિકામાં હથિયારોની તસ્કરી સંબંધિત આરોપોમાં હિરાસતમાં છે.

પોલીસે શું કહ્યું? - પોલીસ ચીફ નિશાન દુરૈયાપ્પાએ કહ્યું, "આ તપાસ દર્શાવે છે કે અમારી ટીમ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ અપરાધીઓને પકડવામાં સક્ષમ છે. તમે ક્યાંય પણ ભાગો કે છુપાઓ, અમે તમને શોધી કાઢીશું

# ગ્રીનલેન્ડ મામલે આમને-સામને અમેરિકા અને યુરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી,તા.૧૩:** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડને ખરીદવા અથવા તેના પર કબજો કરવાની ચર્ચાઓએ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. આ મામલે હવે યુરોપિયન યુનિયન (EU) ના ડિફેન્સ ચીફે કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો અમેરિકા ગ્રીનલેન્ડ પર કબજો કરવાનો પ્રયાસ કરશે, તો તે NATO અને ટ્રાન્સ-એટલાન્ટિક જોડાણનો અંત થઈ શકે છે.

તાજેતરના અહેવાલો મુજબ, યુરોપિયન યુનિયનના ટોચના સંરક્ષણ અધિકારીએ જણાવ્યું છે કે ગ્રીનલેન્ડ એ માત્ર એક જમીનનો ટુકડો નથી, પરંતુ યુરોપની સુરક્ષા અને અખંડિતતાનો મહત્ત્વનો ભાગ છે. જો અમેરિકા ગ્રીનલેન્ડની સાર્વભૌમત્વ પર તરાપ મારશે, તો તે યુરોપિયન દેશો અને અમેરિકા વચ્ચેના દાયકાઓ જૂના સૈન્ય સંબંધોનો તાત્કાલિક ધોરણે જ અંત આવશે.

NATOમાં અમેરિકા અને યુરોપના દેશો એકબીજાની સુરક્ષા માટે એક સંગઠન તરીકે કામ કરે છે. જો કે, ગ્રીનલેન્ડ જે ડેનમાર્કનો સ્વાયત્ત હિસ્સો છે, તેના પર અમેરિકાની નજર છે. યુરોપિયન દેશો અમેરિકાની આ ચેષ્ટાને કારણે અસહજ અનુભવી રહ્યા છે. સંરક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે, આ પ્રકારનું પગલું NATO ના પાયા હચમચાવી નાખશે.

ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ અંગેનું વલણ ડેનમાર્ક સરકારે આ અગાઉ પણ સ્પષ્ટ કર્યું છે કે ગ્રીનલેન્ડ વેચાણ માટે નથી. ગ્રીનલેન્ડના સ્થાનિક નેતાઓએ પણ અમેરિકાના આ પ્રસ્તાવને તર્કહીન ગણાવી ચૂક્યાં છે. જો કે ટ્રમ્પ એરામાં અમેરિકા કંઈપણ પગલું ભરી શકે તેવી સ્થિતિને જોતા યુરોપિયન દેશો પહેલાથી જ ચોક્કસ છે. અમેરિકાની અણઘડ ટેરિફ નીતિના કારણે યુરોપિયન દેશો પહેલાથી જ પરેશાન છે તેવામાં ગ્રીનલેન્ડનો મામલો બળતામાં ઘી હોમવાનું




### પ્રિયંકા આ કાર્યક્રમમાં પ્રેઝન્ટર તરીકે જોડાઈ છે

# ગોલ્ડન ગ્લોબ્સ એવોર્ડમાં છવાઈ દેશી ગર્લ પ્રિયંકા ચોપરા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩:** પ્રિયંકા ચોપરા, જે ૨૦૨૬ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સ રેડ કાર્પેટ પર તેના પતિ નિક જોનાસ સાથે સ્ટાઈલિશ રીતે જોવા મળી હતી, તેણે ચાહકોને તેની આગામી ફિલ્મ ''ધ બ્લફ'' ની ઝલક પણ આપી. તેના નવીનતમ પ્રોજેક્ટ વિશે એક મુલાકાતમાં, દેસી ગર્લે તેની આગામી ફિલ્મની રિલીઝ તારીખની પુષ્ટિ જ નહીં, પરંતુ ફિલ્મની વાર્તા અને અન્ય વિગતો પણ જાહેર કરી. જો કે, ૨૦૨૬ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ્સ રેડ કાર્પેટ પર પ્રવેશ કરતી વખતે બધાની નજર પ્રિયંકા ચોપરા અને તેના પતિ નિક જોનાસ પર હતી.પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે ફોટોગ્રાફરો માટે એકસાથે પોઝ આપતા અને રેડ કાર્પેટ પર ચાલતી વખતે એકબીજા પર પ્રેમ વરસાવતા હોલીવુડ શૈલીનો ગ્લેમર દર્શાવ્યો. આ કપલના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. પ્રિયંકા ચોપરા અને નિક જોનાસે તેમના રેડ કાર્પેટ લુક્સથી બધાને દંગ કરી દીધા હતા. અભિનેત્રીએ નેવી ટાયર્ડ ડાયોર ગાઉન પહેર્યો હતો જેમાં અમૂલ્ય ડાયમંડ નેકપીસ હતું, જ્યારે નિક જોનાસે ક્લાસિક બ્લેક સૂટ પહેર્યો હતો.પ્રિયંકા આ કાર્યક્રમમાં પ્રેઝન્ટર તરીકે જોડાઈ છે. સમારોહ પહેલા, ગોલ્ડન ગ્લોબ્સ આયોજકોએ તેમના ઓફિશિયલ પેજ પર પ્રેઝન્ટર્સની યાદી જાહેર કરી હતી. બોલિવૂડની દેશી ગર્લ પ્રિયંકા ચોપરા ગોલ્ડન ગ્લોબ્સ ૨૦૨૬ માટે નામાંકિત સેલિબ્રિટીઓમાં સામેલ છે.પ્રસ્તુતકર્તાઓની લાંબી યાદીમાં અમાન્ડા સેળાઈડ, એના ડી આર્માસ, આયો એડેબિરી, ક્રિસ પાઈન, કોલમેન ડોમિંગો, ડાકોટા ફેનિંગ, ડેવ ફ્રાન્કો, ડાયેન લેન, હેલી સ્ટેઈનફેલ્ડ, જેસન બેટમેન, જેનિફર ગાર્નર, જો કીરી, જુડ એપાટો, જસ્ટિન હાર્ટલી, કેથરીન હેન, કીગન-માઈકલ કી, કેવિન બેકોન, કેવિન હાર્ટ, કાયરા સેડગ્વિક, લલિસા મનોએલ, લ્યુક ગ્રીમ્સ, માર્લોન વેયન્સ, મિલા કુનિસ, મિની ડ્રાઈવર, રેજિના હોલ, સીન હેયસ, વાન્ડા સાયક્સ, વિલ આર્નેટ અને ઝો ક્રેવિટ્ઝનો પણ સમાવેશ થાય છે.કામની વાત કરીએ તો, પ્રિયંકા ટૂંક સમયમાં ફિલ્મ ''ધ બ્લફ'' માં જોવા મળશે. ફર્સ્ટ લૂક છબીઓ પછી, નિર્માતાઓ આ અઠવાડિયાના અંતમાં ટ્રેલર રિલીઝ કરવા માટે તૈયાર છે. આ ફિલ્મ ૨૫ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થવાની છે.



# યશની ટોક્સિકનાં ટીઝર સામે કર્ણાટક મહિલા પંચમાં ફરિયાદ



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૩**

યશની ફિલ્મ 'ટોક્સિક'નું ટીઝર તેના જન્મદિવસે રીલિઝ કરવામાં આવ્યું હતું. જોકે, આ ટીઝરમાં કેટલાંક દ્રશ્યો અશ્લીલ હોવાના આરોપો સાથે સોશિયલ મીડિયા પર ભારે ટીકા થઈ રહી છે. હવે કર્ણાટકમાં આ ટીઝર સામે રાજ્ય મહિલા પંચમાં ફરિયાદ પણ થઈ છે. મહિલા પંચ સમક્ષ થયેલી ફરિયાદમાં આક્ષેપ મૂકાયો છે કે આ ટીઝરને કારણે અશ્લીલતા ફેલાઈ રહી છે. તેનાથી સમાજમાં ખોટો સંદેશો જઈ રહ્યો છે. આ ટીઝર પર પ્રતિબંધ મૂકાવો જોઈએ અને તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી તે હટાવી લેવાનો આદેશ આપવો જોઈએ. જોકે, ફિલ્મની ડિરેક્ટર ગીતુ મોહનદાસે એક સોશિયલ મીડિયા પોસ્ટ પર ફિલ્મનો બચાવ કર્યો હતો. અશ્લીલતાના આરોપોનો જવાબ આપતાં તેણે કહ્યું હતું કે સ્ત્રીઓને પોતાની રીતે અભિવ્યક્તિની સ્વતંત્રતા છે. પીઢ ફિલ્મ સર્જક રામગોપાલ વર્માએ પણ આ ફિલ્મનાં ટીઝરનો બચાવ કરી તેની પ્રશંસા કરી છે.

# લોંગેવાલા અને જેસલમેર બાદ 'બોર્ડર ૨' હવે અમૃતસર પહોંચશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩:** 'બોર્ડર ૨'ના મેકર્સ તેમનાં મ્યુઝિક લોન્ચને હવે નેશનલ ઈમોશનલ ઈવેન્ટનું સ્વરૂપ આપી રહ્યાં છે. લૌંગેવાલા—જેસલમેરમાં 'ઘર કબ આઓગે' ગીતનાં ભવ્ય અને હૃદયસ્પર્શી લોંચ બાદ હવે ટીમ આગામી મેગા ઈવેન્ટ માટે અમૃતસરનાં ખસા વિસ્તારમાં પહોંચી રહી છે, જ્યાં 'જાતે હુએ લમ્હોં – એ સોલફુલ રેન્ડિશન' ગીતનું ભવ્ય લોન્ચ કરવામાં આવશે. સંદેસે આતે હૈ ગીતન નવા વર્ઝને અમુક કલાકોરમાં જ વ્યુઅરશિપના રેકોર્ડ તોડી નાંખ્યા હતા. લૌંગેવાલા પોસ્ટ પર બીએસએફના જવાનોની હાજરીમાં 'ઘર કબ આઓગે'નું લોંચ માત્ર ગીત લોન્ચ નહીં, પરંતુ દેશથી દૂર ફરજ બજાવતા જવાનોને અર્પિત એક ભાવનાત્મક શ્રદ્ધાંજલિ બની ગયું હતું. ભારતીય સૈન્યનાં ઈતિહાસ સાથે જોડાયેલા આ સ્થળે યોજાયેલો કાર્યક્રમ દેશભરના દર્શકોનાં દિલને સ્પર્શી ગયો હતો અને ફિલ્મ પ્રમોશન માટે એક નવો માપદંડ સ્થાપિત કર્યો હતો.હવે આ ફરી બધાનું ધ્યાન અમૃતસરના ખસા ખાતે યોજાનારા કાર્યક્રમ પર આકર્ષિત થશે એવો મેકર્સનો અંદાજ છે, જ્યાં અંદાજે ૧૦ થી ૧૨ હજાર સૈનિકો અને તેમના પરિવારજનોની હાજરીમાં 'જાતે હુએ લમ્હોં' ગીતનું લોન્ચ થશે. આ ઈવેન્ટ લોહરીના ઉત્સવ સાથે પણ જોડાશે, જેનાથી સમગ્ર કાર્યક્રમને સાંસ્કૃતિક અને ઉત્સવનો રંગ આપવાનો મેકર્સનો ઈરાદો છે.ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા છે કે આ કાર્યક્રમ પણ સંગીત, દેશભક્તિ અને સૈન્યની વાસ્તવિક હાજરીના અનોખા સંયોજન સાથે યોજાશે. 'બોર્ડર ૨'ના મેકર્સ આ વખતે પરંપરાગત માર્કેટિંગ કરતાં ભાવનાત્મક જોડાણ પર વધુ ભાર મૂકી રહ્યા છે અને દરેક નવા પ્રમોશનલ માઈલસ્ટોન સાથે ફિલ્મ માટેની ઉત્સુકતા સતત વધી રહી છે.અનુરાગ સિંહ દ્વારા લખાયેલી અને દિગ્દર્શિત થયેલી 'બોર્ડર ૨' એક એપિક વૉર ફિલ્મ છે, જે ૧૯૯૭માં આવેલી જે.પી. દત્તાની ક્લાસિક ફિલ્મ 'બોર્ડર'ની સીક્વલ છે. ફિલ્મને ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જે.પી. દત્તા અને નિધી દત્તા પ્રોડ્યુસ કરી રહ્યાં છે.ફિલ્મમાં સન્ની દેઓલ, વરૂણ ધવન, દિલજીત દોસાંજ, અહાન શેટ્ટી સાથે મોના સિંહ, સોનમ બાજવા, અન્યા સિંહ અને મેધા રાણા મહત્વપૂર્ણ ભૂમિકામાં છે.




# ભાષા કોઈ પણ હોય, સારી સ્ટોરીઝ હંમેશા મારી પાસે પહોંચી જાય છે : કલ્યાણી પ્રિયદર્શન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૩:** મલયાલમ એક્ટ્રેસ કલ્યાણી પ્રિયદર્શન ટૂંક સમયમાં રણવીર સિંહ સાથે 'પ્રલય'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરવાના કારણે ચર્ચામાં છે. જોકે આ અહેવાલો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી, પરંતુ 'લોકાહ ચેપ્ટર ૧: ચંદ્રા' જેવી સુપરહિટ મલયાલમ ફિલ્મ બાદ તેને હિન્દી ફિલ્મોમાંથી મળતી ઓફર્સ વિશે કલ્યાણીએ તાજેતરના ઈન્ટરવ્યુમાં વાત કરી હતી.ગયા વર્ષે આવેલી 'લોકાહ ચેપ્ટર ૧: ચંદ્રા' મલયાલમ સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાંની એક બની હતી અને સાથે જ ભારતની પહેલી મહિલા સુપરહીરો ફિલ્મ પણ હતી.આ ફિલ્મમાં કલ્યાણીનો લીડ રોલ ઘણા લોકો માટે એક સરપ્રાઈઝ હતો. ત્યારે હવે બોલિવૂડ ઓફર્સ વિશે વાત કરતાં કલ્યાણી કહે છે, ''મને ખબર નથી હું આ કેવી રીતે સમજાવું, પણ ભાષા કોઈ પણ હોય, સારી સ્ટોરીઝ હંમેશા મારી પાસે પહોંચી જ છે. હું સ્ક્રિપ્ટ મામલે બહુ લાલચુ છું. જો કોઈ સારી સ્ક્રિપ્ટ હોય તો તે મરાઠી હોય, હિન્દી, કન્નડ, તમિલ, તેલુગુ કે મલયાલમ – મને બધું કરવું ગમે છે. હું એક જ વ્યક્તિ છું અને એક સાથે ૧૦ ફિલ્મો કરી શકતી નથી અને ચર્ચામાં તો ૧૦૦ જેટલી સારી સ્ક્રિપ્ટ્સ હોય છે. એટલે હાલ હું આ તબક્કે તો સ્ક્રીપ્ટ્સ જોઈ છું.''તેણે આગળ ઉમેર્યું, ''હિન્દી ફિલ્મોની વાત કરું તો મને હિન્દી સિનેમા કરવું જરૂર ગમશે, પણ મારા માટે હંમેશા સ્ક્રિપ્ટ અને સારી વાર્તાઓ કહેવી એ સૌથી મહત્વનું છે. મેં ક્યારેય ભાષાને અવરોધ માન્યો નથી. ફિલ્મ અને સ્ટોરીટેલિંગમાં ભાવનાઓ તો બધે સરખી જ રહેવાની હોય છે. એટલે જ આજકાલ પેન-ઈન્ડિયન ફિલ્મો જોવા મળે છે. લોકો વિવિધ ભાષાની ફિલ્મો જુએ છે કારણ કે શબ્દો ભલે ન સમજાય, ભાવનાઓ તો પહોંચે જ છે.'' 'લોકાહ'ની સફળતા બાદ હિન્દી ફિલ્મોની ઓફર્સ વધી કે શરૂ થઈ તે અંગે કલ્યાણી જણાવે છે, '' હાલ હું એવું કહી શકીશ નહીં કે ઓફર્સ વધી છે કે ઘટી છે, કારણ કે ઓફર્સ તો હંમેશા આવતી રહી છે. વાત એટલી છે કે હું એક જ વ્યક્તિ છું અને હું કોઈ ફિલ્મને દિલથી સમય આપવાનું પસંદ કરું છું. 'લોકાહ' વખતે પણ એવું જ હતું – જ્યારે હું તે ફિલ્મ પર કામ કરતી હતી ત્યારે મેં બીજું કંઈ કર્યુ જ નહીં. એ કારણે હું મારી પાસે આવતી દરેક સારી સ્ક્રિપ્ટ માટે હા કહી શકતી નથી.''

'લોકાહ' સુપરહીરો યુનિવર્સના આગામી ભાગ અંગે પૂછતાં કલ્યાણી કહે છે, ''અમને પહેલાંથી જ ખબર હતી કે આ ફિલ્મ યુનિવર્સ અંતે ક્યાં પહોંચવાનું છે અને ત્યાં પહોંચવાનો સામાન્ય ડ્રાફ્ટ પણ તૈયાર હતો. છેલ્લે મેં સાંભળ્યું હતું કે ડોમિનિક સ્ક્રિપ્ટ લખવાનું શરૂ કરી ચૂક્યા છે અને પ્રથમ બે દ્રશ્યોનો એક સેટ પણ તૈયાર કર્યો છે. મજાની વાત એ છે કે અમે લગભગ દરેક અઠવાડિયે તેમને ફોન કરીને પૂછીએ છીએ કે હવે શું ચાલી રહ્યું છે.'' આ તબક્કે હજુ પ્રલય વિશે કે લોકાહના આગળના ભાગો વિશે કોઈ ખાસ માહિતી મળી નથી.



# વાપી સલવાવ સ્વામિનારાયણ ફાર્મસી કોલેજમાં 'બીએનબી ખેલોત્સવ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરાયું








**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૩**

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ દ્વારા સંચાલિત સલવાવની શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ તથા સંસ્થાની સ્પોર્ટ્સ શક્તિના સંયુક્ત ઉપક્રમે કોલેજ કેમ્પસમાં તારીખ.૧૦/૦૧/૨૦૨૬ શનિવારના રોજ બીએનબી ખેલોત્સવ ૨૦૨૬ની વિવિધ સ્પર્ધાઆનું ભવ્ય અને ઉત્સાહભર્યુ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો શુભારંભ પરમ પૂજ્ય પૂરાણી સ્વામી શ્રી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પૂરાણી સ્વામી શ્રી કપિલજીવનદાસજી, પૂજ્ય શ્રી રામસ્વામીજી, પૂજ્ય શ્રી હરિ સ્વામીજી, ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સોડવડીયા, ટ્રસ્ટી શ્રીમતી જયશ્રીબેન સોડવડીયા, અન્ય ટ્રસ્ટીગણ, કેમ્પસ એકેડેમિક ડીરેક્ટર, પ્રોફેસર ડો.શૈલેશ વી. લુહાર, કેમ્પસ એડમિન ડીરેક્ટર શ્રી હિતેન બી.ઉપાધ્યાય, આચાર્યશ્રી ડૉ.સચિન બી. નારખેડે, દરેક વિભાગના આચાર્યશ્રીઓ જેમાં શ્રીમતી મિનલ દેસાઈ, શ્રીમતી રીના દેસાઈ, શ્રીમતી આશા દામા, શ્રીમતી દક્ષા પટેલ, શ્રીમતી નિતુ સીંગ અને શ્રી ચંન્દ્રવદન પટેલ તેમજ દરેક વિભાગના ફીઝીકલ ઈન્સ્ટ્રકટર જેમાં મુખ્ય કો ઓર્ડીનેટર પ્રિયંક પટેલ, વિરાજ નિકમ, પ્રિયા ચૌધરી, વનેશ વારલી, અનિલ માંગેલા, સંજય પટેલ, પૂજન પટેલ, રીતુ નાવડે તેમજ અધ્યાપકો, બિન શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી વિદ્યાની દેવીમાં સરસ્વતીને નમન કરી ખેલોત્સવ ૨૦૨૬ની પ્રારંભ ઘોષણા કરી રમતોની શરૂઆત કરવામાં આવી હતી. ફાર્મસી કોલેજના આચાર્યશ્રી ડૉ. સચિન બી. નારખેડેએ ખેલોત્સવના મહત્વ તથા શારીરિક તંદુરસ્તીના લાભો અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપી બીએનબી ૨૦૨૬ ખેલોત્સવનો શુભ આરંભ કર્યો હતો.

આ બીએનબી ખેલોત્સવ ૨૦૨૬માં સમાવિષ્ટ રમતોમાં ૧૦૦ મીટરની દોડ સ્પર્ધા રીલે-રેસ, શોટપુટ, સર્કલ દોડ્જ બોલ, ક્રિકેટ, ચેસ, ટેબલ ટેનીસ, બેડમિનટન, ખો-ખો (બહેનો), કબડ્ડી (ભાઈઓ), કેરમ વગેરે રમતો કોલેજના વિદ્યાર્થીઓ ઉપરાંત ટ્રસ્ટીશ્રીઓ તથા દરેક સ્ટાફે ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગને ભવ્ય ઉજવણી બનાવવા કોલેજના પરમ પૂજ્ય પુરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજીંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પુરાણી સ્વામી કપિલજીવનદાસજી, ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી ડૉ.સચિન બી. નારખેડે તથા રમતગમતના ઈન્ચાર્જ શ્રીમતી વિધિ પટેલ અને શ્રીમતિ જ્યોતિ યુ. પંડ્યાએ ફીઝીકલ ઈન્સ્ટ્રકટરોનો સ્મૃતિ ચિન્હ અને પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા હતા. આ ખેલોત્સવમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વિવિધ રમતોમાં પોતાની કુશળતા પ્રદર્શિત કરી હતી.

આ રમતોના ફાઈનલમાં વિજેતા થયેલ જુદીજુદી સ્પર્ધાઓમાંથી ભાઈઓની ૧૦૦ મીટર દોડની સ્પર્ધામાં અંતિમ વર્ષ બી. ફાર્મસીનો વિદ્યાર્થી અને બહેનોની ૧૦૦ મીટર દોડની સ્પર્ધામાં પ્રથમ વર્ષ બી. ફાર્મસીની વિદ્યાર્થીની, ભાઈઓની ૨૦૦ મીટર દોડની સ્પર્ધામાં બીજા વર્ષ બી. ફાર્મસીનો વિદ્યાર્થી અને બહેનોની ૨૦૦ મીટર દોડની સ્પર્ધામાં પ્રથમ વર્ષ બી.ફાર્મસીની વિદ્યાર્થીની, રીલે રેસ ૧૦૦ મીટર દોડની સ્પર્ધામાં બીજા વર્ષ બી.ફાર્મસી બેહનોની ટીમ અને ત્રીજા વર્ષ બી. ફાર્મસીના ભાઈઓની ટીમ, રીલે રેસ ૪૦૦ મીટર દોડની સ્પર્ધામાં પ્રથમ વર્ષ બી.ફાર્મસી બેહનોની ટીમ અને પ્રથમ વર્ષ બી. ફાર્મસીના ભાઈઓની ટીમ, ખો-ખો સ્પર્ધામાં બીજા વર્ષ બી. ફાર્મસીની બહેનોની ટીમ, ભાઈઓની કેરમ સ્પર્ધામાં પ્રથમ વર્ષ બી.ફાર્મસીનો વિદ્યાર્થી, બહેનોની કેરમ સ્પર્ધામાં ત્રીજા વર્ષ બી. ફાર્મસીની વિદ્યાર્થી, ભાઈઓની ચેસ સ્પર્ધામાં અંતિમ વર્ષ બી. ફાર્મસીનો વિદ્યાર્થી, બહેનોની ચેસ સ્પર્ધામાં અંતિમ વર્ષ બી.ફાર્મસીની વિદ્યાર્થીની, સર્કલ દોડ્જ સ્પર્ધામાં ત્રીજા વર્ષ બી.ફાર્મસીની બહેનોની ટીમ, બહેનોની શોટપુટ સ્પર્ધામાં ત્રીજા વર્ષ બી.ફાર્મસીના વિદ્યાર્થીઓ, ભાઈઓની શોટપુટ સ્પર્ધામાં બીજા વર્ષ બી. ફાર્મસીના વિદ્યાર્થીઓ, કબડ્ડીની સ્પર્ધામાં બીજા વર્ષ બી. ફાર્મસીના ભાઈઓની ટીમ, બહેનોની ટેબલ ટેનીસ સ્પર્ધામાં પ્રથમ વર્ષ એમ. ફાર્મસીની વિદ્યાર્થીની, ભાઈઓની ટેબલ ટેનીસ સ્પર્ધામાં બીજા વર્ષ બી.ફાર્મસીનો વિદ્યાર્થી, બેહનોની બેડમિનટનની સ્પર્ધામાં બીજા વર્ષ બી.ફાર્મસીની વિદ્યાર્થીની અને ભાઈઓની બેડમિન્ટન સ્પર્ધામાં અંતિમ વર્ષ બી. ફાર્મસીનો વિદ્યાર્થી તેમજ ભાઈઓની ક્રિકેટ મેચમાં બીજા વર્ષ બી. ફાર્મસીની ટીમ અને બહેનોની ક્રિકેટ મેચમાં ત્રીજા વર્ષ બી. ફાર્મસીની ટીમ વિજેતા બની હતી. બીએનબી ખેલોત્સવ ૨૦૨૬ દરમિયાન યોજાયેલી તમામ સ્પર્ધાઓમાં અંતિમ વર્ષ બી. ફાર્મસીના વિદ્યાર્થીઓએ સર્વોચ્ચ ગુણ સાથે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ઓવરઓલ ચેમ્પિયનશીપ ટ્રોફી સતત ચોથી વખત પોતાના નામે નોંધાવી હતી. આ દરેક વિજેતાઓને પરમ પૂજ્ય સ્વામીજી, ટ્રસ્ટીગણ, ડીરેક્ટરશ્રીઓ, આચાર્યશ્રીઓના વરદ હસ્તે ટ્રોફી, સર્ટીફીકેટ અને મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

આવી મનોરંજનથી ભરપૂર અને ગતિશીલ રમતોના કાર્યક્રમ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પરમ પૂજ્ય પૂરાણી સ્વામી શ્રી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પૂરાણી સ્વામી શ્રી કપિલજીવનદાસજી, પૂજ્ય રામ સ્વામીજી, પૂજ્ય હરિ સ્વામીજી, ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સોડવડીયા, ટ્રસ્ટી શ્રીમતી જયશ્રીબેન સોડવડીયા, ટ્રસ્ટીગણ, કેમ્પસ એકેડેમિક ડીરેક્ટર પ્રોફેસર ડૉ.શૈલેશ વી. લુહાર, કેમ્પસ એડમિન ડીરેક્ટર શ્રી હિતેન બી. ઉપાધ્યાય, આચાર્યશ્રી ડૉ.સચિન બી.નારખેડ, શિક્ષકો અને સ્ટાફે દરેક રમતવીરોને હાર્દિક અભિનંદન આપ્યા હતા.

# નવસારી જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને કરૂણા અભિયાન-૨૦૨૬ની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૧૩**

આગામી ઉત્તરાયણના તહેવાર દરમિયાન ઘાયલ થતા પક્ષીઓને ત્વરિત અને અસરકારક સારવાર મળી રહે તેવા ઉમદા હેતુ સાથે નવસારી જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને કરૂણા અભિયાન-૨૦૨૬ની મહત્વપૂર્ણ બેઠક જિલ્લા સેવા સદન ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં ઉત્તરાયણ પર્વ દરમિયાન ઘાયલ થતા પક્ષીઓને તાત્કાલિક બચાવી શકાય તે માટે શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં બર્ડ રેસ્ક્યૂ ટીમો, તાત્કાલિક સારવાર કેન્દ્રો, હેલ્પલાઈન નંબર અને જરૂરી સાધનસામગ્રી ઉપલબ્ધ રાખવા અને યોગ્ય સંકલન સાધવા કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપ્યું હતું.

# નવસારીમાં શિક્ષિકા મનપસંદ જીવનસાથી મેળવવા જતાં ઠગાઈનો ભોગ બની

**મંત્ર તંત્રનો સહારો લેવા જતા જ છેતરાઈ: આરોપીએ બેંક ખાતામાં વિવિધ ચાર્જ અને દુવાના નામે ૨.૧૨ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતાં**




(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવસારી,તા.૧૩**

દેશમાં વધી રહેલા સાયબર ફ્રોડ અંગે અનેક જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે. તે છતાંય લોકો સાયબર ફ્રોડનો ભોગ બની રહ્યાં છે. નવસારીમાં એક શિક્ષિકા મનપસંદ જીવનસાથી મેળવવા જતા ઓનલાઈન ઠગાઈનો ભોગ બની છે. શિક્ષિકાએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વેબસાઈટ ચલાવતા મોહમ્મદ બિલાલની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે નવસારીમાં એક શિક્ષિકા પોતાનો મનપસંદ જીવનસાથી મેળવવા ઓનલાઈન સર્ચ કરી રહી હતી. આ શિક્ષિકાએ ઓનલાઈન જાહેરાત જોઈ હતી. તે જીવન સાથી મેળવવા માટે મંત્ર તંત્રનો સહારો લેવા ગઈ અને ઠગાઈનો ભોગ બની હતી. આરોપીએ બેંક ખાતામાં વિવિધ ચાર્જ અને દુવાના નામે ૨.૧૨ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતાં. પૈસા ટ્રાન્સફર થયા બાદ પોતાને ઠગાઈનો ભોગ બન્યાનો અહેસાસ થતાં પીડિતાએ મરોલી પોલીસ સ્ટેશનમાં સાયબર ક્રાઈમ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી. શિક્ષિકાની ફરિયાદના આધારે પોલીસે મેરેજ પ્રોબ્લેમ સોલ્યુશન નામની વેબસાઈટ ચલાવતા આરોપીની ધરપકડ કરી હતી. આરોહી મોહમ્મદ બિલાલભાઈને મરોલી પોલીસે રાજસ્થાનથી ઝડપી પાડ્યો હતો.

# વાપીના ડુંગરાથી ૨૮ વર્ષીય મહિલા પોતાના ત્રણ વર્ષીય પુત્ર સાથે ગુમ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

વાપી તાલુકાના ડુંગરા, યુસુફનગર, પ્રિતેશભાઈની ચાલી, રૂમ નં.૧૨ ખાતે રહેતા ૨૮ વર્ષીય કુસુમદેવી લક્ષ્મણરાય ચમાર તા.૦૫-૦૧-૨૬ના રોજ રાત્રિના ૧૦ વાગ્યાથી તા.૦૬-૦૧-૨૬ના રોજ સવારે ૮:૩૦ વાગ્યા દરમિયાન પોતાના ૦૩ વર્ષીય પુત્ર વિનયકુમાર લક્ષ્મણરામ ચમારને સાથે લઈને પોતાના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ કુસુમદેવી મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને ૪ ફૂટ ૫ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે રાખોડી કલરની સાડી પહેરેલી હતી. ગુમ વિનય પાતળો બાંધો, શ્યામવર્ણ અને ૨ ફૂટ ૫ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેઓ હિન્દી ભાષા જાણે છે. જો કોઈને પણ આ મહિલા અને બાળકની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો ૦૨૬૦-૨૪૬૧૧૦૦, ૯૮૭૯૭ ૧૯૪૯૫, પોલીસ કંટ્રોલ રૂમ નં. ૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ ઉપર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM PRAMOD ATMARAM PATIL TO **PRAMOD PATIL** AS PER DOCUMENT

# વાપીના છીરીથી ૧૯ વર્ષીય યુવતી ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

વાપી તાલુકાના છીરી ગાલા મસાલા, અહેમદનગર ખાતે રહેતા ૧૯ વર્ષીય આફરીનખાતુન શાબહબાન અલીખાન(મૂળ રહે.ડોકમઅમયા, પોસ્ટ-ત્રિલોકપુર, થાના-ત્રિલોકપુર, જિ-સિદ્ધાર્થ, ઉત્તરપ્રદેશ) તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૯:૪૫ વાગ્યા પછી પોતાના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ આફરીન મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને ૪ ફૂટ ૮ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે કાળા કલરનો નકાબ પહેરેલો હતો. જો કોઈને પણ આ યુવતીની ભાળ મળે તો ડુંગરા પોલીસ સ્ટેશનનો ૦૨૬૦-૨૪૬૧૧૦૦, ૯૪૨૬૦૨૯૨૪૫, પોલીસ કંટ્રોલ રૂમ નં.૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ ઉપર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# અતુલ રેલવે સ્ટેશનથી ૩૪ વર્ષીય પરિણીતા ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઈલાનગર, અતુલ રેલવે સ્ટેશન પાસે રહેતા ૩૪ વર્ષીય માધવીદેવી રાજુભાઈ રાવત (મૂળ રહે.બીરપુર, પોસ્ટ-બારા, જિ-ઉન્નાવ, ઉત્તરપ્રદેશ) તા.૦૮/૦૧/૨૦૧૮ના રોજ સવારે ૭:૦૦ થી ૭:૧૫ વાગ્યા દરમિયાન પોતાના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર અતુલ રેલવે સ્ટેશનેથે લોકલ ટ્રેનમાં બેસી કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત ફર્યા નથી. જો કોઈને પણ આ મહિલાની ભાળ મળે તો વલસાડ રેલવે પોલીસ સ્ટેશનનો ૯૬૮૭૨૭૫૯૭૫ સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર ડીસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ (ડીસ્ટ્રીબ્યુશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ વિસ્તારોને વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સમય | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|---|
| ૧૫/૦૧/૨૦૨૬ ગુરૂવાર | બપોરના ૩.૦૦ થી ૫.૦૦ | ૬૬ કેવી દલવાડા | ૧૧ કેવી ઈનરકોન | સિલ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ભંડરવાડ વિસ્તાર (દલવાડા) |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

**વીજ ચોરી !! જેલની સજા.**
(ભારતીય વીજળી અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ)

જે કોઈ પણ અપ્રમાણિક રીતે અનધિકૃત જોડાણો, મીટરમાં ચેડાં અથવા અનધિકૃત હેતુઓ માટે વીજળીનો ઉપયોગ કરે છે તો તેને ત્રણ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજા થઈ શકે છે. કાનૂની પગલાંઓથી બચવા ગેરકાયદેસર વીજજોડાણ વાપરવાથી દૂર રહો.

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

## દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિ.

**રજીસ્ટર્ડ ઓફિસ:** પહેલો અને બીજો માળ, વિદ્યુત ભવન, સેક્રેટરિયટ બિલ્ડીંગની બાજુમાં, ૬૬ કે.વી. રોડ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ - ૩૯૬૨૩૦
CIN: U40101DN2022PLC005707

**જાહેર નોટીસ**

**૧૬૫/૨૦૨૬ - નાંણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નાં ટ્રુ અપ માટે કરેલ અરજી**

૧. પૂર્વભુમીકા: દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ (ડીએનએચડીડીપીડીસીએલ) દ્વારા જેઇઆરસી (કન્ડક્ટ ઓફ બિઝનેસ) રેગ્યુલેશન્સ ૨૦૦૯, જેઇઆરસી (જનરેશન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન મલ્ટિ યર ટેરિફ) રેગ્યુલેશન્સ ૨૦૨૧ અને જેઇઆરસી (જનરેશન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન મલ્ટિ યર ટેરિફ) રેગ્યુલેશન્સ ૨૦૨૪ અનુસાર અને ઇલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ ની કલમ ૬૧, ૬૨ અને ૬૪ હેઠળ માનનીય જોઇન્ટ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (જેઇઆરસી) સમક્ષ દાખલ કરી છે.

૨. દાખલ કરેલ અરજીને માનનીય જેઇઆરસી દ્વારા અરજી નં ૧૬૫/૨૦૨૬ તરીકે રેકોર્ડ પર લેવામાં આવેલ છે. કેટેગરિઓ મુજબનું વેચાણ, ડિસ્ટ્રિબ્યુશન લોસ અને ટ્રુ-અપની વિગતો નીચે આપેલ છે:

| ક્રમ નં | વર્ગ | નાણાકીયવર્ષ ૨૦૨૪-૨૫ |
|---|---|---|
| ૧ | **કેટેગરી પ્રમાણે વેચાણ (MUમાં)** | |
| i. | ઘરેલું | ૩૬૧.૪૭ |
| ii. | એલઆઇજી/કુટિરજ્યોતિ | ૧૯.૦૩ |
| iii. | વ્યાવસાયિક | ૧૧૨.૬૮ |
| iv. | કૃષિ સર્વિસ | ૮.૪૬ |
| v. | એલટી ઔદ્યોગિક | ૫૮૫.૪૯ |
| vi. | પબ્લિક વોટર વર્કસ | ૫.૧૮ |
| vii. | પબ્લિક લાઇટિંગ | ૫.૪૨ |
| viii. | એચટી/ઇએચટી | ૯,૩૬૭.૪૦ |
| ix. | ઇવી ચાર્જીગં સ્ટેશન | ૨.૬૨ |
| x. | સાઇન બોર્ડ અને હોર્ડીંગ્સ | ૦.૦૩ |
| xi. | કામચલાઉ પુરવઠો | ૯.૯૦ |
| | **કુલ (MUમાં)** | **૧૦,૪૭૭.૬૮** |
| ૨ | **ડિસ્ટ્રિબ્યુશન લોસ (%)** | **૧.૪૬%** |
| ૩ | **વીજ ખરીદી (MUમાં)** | **૧૧,૧૨૦.૬૧** |
| ૪ | **કેપેક્ષ (રૂ. કરોડમાં)** | **૨૦૩.૫૦** |
| ૫ | **કેપિટલાઇઝેશન (રૂ. કરોડમાં)** | **૨૪૧.૩૪** |
| ૬ | **એગ્રીગેટ રેવન્યુ રિક્વાયરમેન્ટ (એઆરઆર) (રૂ. કરોડમાં)** | |
| i. | પાવર પરચેઝ કોસ્ટ | ૬,૦૦૪.૮૭ |
| ii. | ઓ એન્ડ એમ ખર્ચ | ૧૦૮.૬૬ |
| iii. | લોન પરનું વ્યાજ | ૩૮.૩૦ |
| iv. | કાર્યકારી મૂડી પરનો વ્યાજ | ૩૬.૬૧ |
| v. | ઘસારો | ૨૪.૬૧ |
| vi. | સિકયોરીટી ડિપોઝટ પર વ્યાજ | ૧૨.૯૫ |
| vii. | ઘાલ ખાધ | ૨.૩૪ |
| viii. | ઇકવિટી પર મળવા પાત્ર નફો | ૪૦.૦૦ |
| ix. | આવક વેરા | ૩૭.૯૮ |
| x. | બાદ: નોન ટેરિફ આવક | ૫૧.૦૯ |
| xi. | ઉમેરો: ફાયદાની વહેંચણી | ૬૦.૮૩ |
| xii. | **એગ્રીગેટ રેવન્યુ રિક્વાયરમેન્ટ** | **૬,૩૧૬.૦૭** |
| xiii. | **પાવરનાં વેચાણમાંથી આવક** | **૬,૨૪૨.૬૫** |
| xiv. | પાછલા વર્ષની ખાધ/(પુરાંત) | ૧૧૬.૮૫ |
| xv. | **પાવરનાં વેચાણથી નેટ આવક** | **૬,૧૨૫.૮૦** |
| xvi. | ખાધ/(પુરાંત) | ૧૯૦.૨૭ |
| xvii. | કેરીંગ કોસ્ટ | ૧૮.૩૬ |
| xviii. | **સંચિત ખાધ/(પુરાંત)** | **૨૦૮.૬૩** |

૩. નાંણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે, ડીએનએચડીડીપીડીસીએલે સંચિત ખાધની વસૂલાત ૩.૬૨%નાં રેગ્યુલેટરી સરચાર્જ દ્વારા કરવાનો પ્રસ્તાવ કરેલ છે જે માનનીય કમિશમન દ્વારા પિટિશન નં ૧૪૫/૨૦૨૫માં તા. ૨૫મી સપ્ટેમબર, ૨૦૨૫નાં આદેશ દ્વારા મંજૂર કરાયેલ રેગ્યુલેટરી સરચાર્જની ઉપરાંત લાગુ પડશે.

૪. નાંણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રિટેલ ટેરિફ, ઓપન એકસેસ ચાર્જીસ, ગ્રીન ટેરિફ અને અન્ય ચાર્જીસ, માનનીય કમિશનનાં અરજી નં ૧૪૫/૨૦૨૫માં તારીખ ૨૫મી સપ્ટેમબર, ૨૦૨૫નાં ટેરિફ ઓડર દ્વારા મંજૂર કરેલ ટેરિફ શેડયૂલ પ્રમાણે વસૂલવાપાત્ર રહેશે. ૨૫મી સપ્ટેમબર, ૨૦૨૫નાં ઉપરોકત ટેરિફ ઓડર દ્વારા મંજૂર કરાયેલ પદ્ધતિ મુજબ એફપીપીસીએએસ વસૂલવામાં આવશે.

૫. ઉપરોક્ત પેરા-૧માં ઉલ્લેખિત અરજીની નકલ ડીએનએચડીડી પીડીસીએલ (રેગ. ઓફિસ: દુકાન નં ૫ થી ૯ અને દુકાન નં ૧૧ થી ૧૫, ફોર્ચ્યુન પેરેડાઇઝ, ગ્રાઉન્ડ ફલોર, ડુનેઠા, નાની દમણ, દમણ-૩૯૬૨૧૦ની ઓફિસમાં ઉપલબ્ધ છે. સોફ્ટ કોપી વેબસાઇટ: https://connect.torrentpower.com/tplcp/index.php/download/index પર પણ ઉપલબ્દ છે.

૬. રસ ધરાવતા પક્ષકારો કામકાજનાં સમય દરમ્યાન ઉપરોકત ઓફિસમાં અરજીનું નિરીક્ષણ/અવલોકન કરી શકે છે. ઉપરોક્ત અરજીની નકલ રજિસ્ટર્ડ ઓફિસમાં થી રૂ. ૧૦૦/- ની ચુકવણી પર પણ મેળવી શકાય છે.

૭. ડીએનએચડીડીપીડીસીએલ દ્વારા ફાઇલ કરવામાં આવેલી અરજી પર જો કોઈ વ્યક્તિને વાંધા/સૂચનો દાખલ કરવા હોય, તો, તેઓ, આ નોટીસનાં તારીખ થી ૨૧ દિવસ કે તે પહેલા, જે દસ્તાવેજનો આધાર લેતા હોય તેની સાથે અને જેઇઆરસી (કન્ડક્ટ ઓફ બિઝનેસ) રેગ્યુલેશન્સ ૨૦૦૯ માં જેઇઆરસી ફોર્મે-૩ (અનેક્ષર-II) માં દર્શાવેલ સોગંદનામા પર, સચિવ, જોઇન્ટ ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (જેઇઆરસી) ત્રીજા અને ચોથા માળે, પ્લોટ નંબર: ૫૫-૫૬, ફેઝ ૪, ઉદ્યોગ વિહાર, સેક્ટર-૧૮, ગુરુગ્રામ, હરિયાણા-૧૨૨૦૧૫ ને વ્યક્તિગતરૂપે અથવા ઇ-મેલ દ્વારા, ઇ-મેલ આઇડી: secy.jercuts@gov.in, raengg4jercuts@govcontractor.in, ઉપરાંત ઇ-મેલ આઇડી: suggestionsdnhddpdcl@torrentpower.com પર, અથવા વ્યક્તિનું સંપૂર્ણ નામ અને ટપાલ સરનામાં સાથે રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા, છ નકલોમાં વાંધા/સુચનો દાખલ કરી શકે છે અને એ વાંધા/સૂચનોની નકલ ડીએનએચડીડીપીડીસીએલને પણ રજીસ્ટર્ડ ઓફિસ પર મોકલી આપવાની રહેશે. જો વાંધા/સૂચનો દાખલ કનાર મૌખીક રજુઆત પણ કરવા માંગતા હોય તો તેનો પણ ખાસ ઉલ્લેખ કરવો.

તારીખ: ૧૩-૦૧-૨૦૨૬

અધિકૃત હસ્તાક્ષર કરનાર
ડી.એન.એચ.ડી.ડી. પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિ.

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપીમાં પૂર્વ એસટી ડેપોની જગ્યામાં જ નવીન એસટી ડેપો બનાવવાની કામગીરી શરૂ થઈ

**હાલમાં કામચલાઉ ડેપો હાઈવે ઉપર છે, હાઈવે ઉપર જગ્યા નહીં મળતા લેવાયેલ નિર્ણય**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૩**

વાપીમાં ઝંડાચોક નજીક પૂર્વ એસ.ટી.ડેપો હતો. તેજ જગ્યાએ નવિન એસ.ટી.ડેપો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.હાલમાં કામ ચલાઉ ડેપો હાઈવે ઉપર કાર્યરત છે.

નવિન વાપી એસ.ટી.ડેપો બનાવા માટે હાઈવે ઉપર જગ્યા નહીં મળતા વહીવટીતંત્ર દ્વારા જુના ડેપોમાં જ નવો ડેપો બનાવવાની મહોર મરાઈ છે. જોકે આ નિર્ણય વહેવારિક રીતે પુનઃ વિચાર માગી લે તેવો છે. કારણ કે ડેપો ટાઉનમાંથી ફરી કાર્યરત થશે. તો ટ્રાફિકથી લઈ અન્ય સમસ્યા ઉભી થશે. બીજુ ટાઉનમાંથી એસ.ટી.વહેવાર માત્ર દમણ પુરતો જ બાકીની તમામ બસ સેવાઓ હાઈવે તરફજની છે. દિવસમાં સેંકડો બસો ડેપોમાં જશે અને બહાર આવશે. તેથી સમય અને ઈંધણનો વેડફાટ જ છે. હાલમાં જે સ્થળે કામચલાઉ ડેપો કાર્યરત છે. ત્યાંજ નવિન ડેપો બનાવાયો હોત તો વધુ સુવિધાજનક સાબિત થાય જગ્યા તો હાલમાં સરકારી દમણગંગાા નહેર વિભાગની જ છે. તેમાંજ નવો ડેપો બનાવાય તો કંઈ ખોટુ નથી. જાહેર જનતા માટે પણ યોગ્ય હિતાવહ રહેશે.

# સરીગામમાં ભૂગર્ભ ગટર યોજના મંજુર કરવા કલેક્ટરનું દોરેલું ધ્યાન

**સરીગામ અગ્રણી રાકેશભાઈ રાયની આગેવાની હેઠળ સરપંચ સહદેવ વઘાત, ઉપસરપંચ સંજય બાંગડાએ કલેક્ટરની મુલાકાત કરી સરીગામમાં વધેલું વસ્તીનું ભારણ અને સર્જાયેલી ગંદકીની સમસ્યાનું વાસ્તવિક ચિત્ર રજૂ કરી રૂરબન યોજના હેઠળ ભૂગર્ભ ગટર મંજુર કરવા રજૂઆત કરી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૩**

ઉમરગામ તાલુકામાં સૌથી વધુ વસ્તી ધરાવતા સરીગામ ગ્રામ પંચાયત વિસ્તારમાં રૂર્બન યોજના હેઠળ ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવા માટે આજરોજ સરીગામના રાજકીય આગેવાનશ્રી રાકેશભાઈ રાય, સરપંચશ્રી સહદેવભાઈ વઘાત અને ઉપસરપંચશ્રી સંજયભાઈ બાંગડાએ વલસાડ કચેરી ખાતે મુલાકાત કરી જિલ્લા કલેક્ટરનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

આ મુલાકાત દરમિયાન અગાઉ કરવામાં આવેલી અનેક રજૂઆતો તરફ ધ્યાન દોરી વર્તમાન સમયમાં થયેલું વસ્તીનું ભારણ અને સર્જાયેલી ગંદકીની સમસ્યાનું ચિત્ર રજૂ કર્યુ હતું. ઉપરાંત ઉદ્યોગિક વિકાસની હરણફાળ જોતા વસ્તીમાં થઈ રહેલો વધારો અને નવા નિર્માણ થઈ રહેલા એપાર્ટમેન્ટો જોતા ગટરના અભાવે વિકટ સમસ્યા સર્જાવાની ભીતિ તરફ પણ ધ્યાન દોર્યુ હતું. હાલમાં સરીગામની વસ્તી અંદાજે ૩૫ હજારથી વધુ છે. અને એમાં ચોક્કસપણે વધારો થવાની શક્યતા છે.

સરીગામ જીઆઈડીસીમાં અનેક એકમો કાર્યરત છે. જેથી રહેઠાણ તરીકે લાગુ સરીગામ પંચાયત હદ વિસ્તારમાં એપાર્ટમેન્ટ્સ અને રહેણાંક મકાનો મોટા પ્રમાણમાં હોવાથી ભૂગર્ભ ગટરના અભાવે ખાળકુવા ઉભરાવા જેવી ગંદકીની સમસ્યાઓ ઉભી થઈ રહી છે. જ્યારે બીજી તરફ ભૂગર્ભ ગટર રૂર્બન યોજના સરકારમાં વિચારાધીન છે પરંતુ અત્યાર સુધી કોઈ ખાસ પ્રગતિ જોવા મળી નથી એના તરફ ધ્યાન આપી કલેક્ટરશ્રીને વહીવટી અને તાંત્રિક મંજૂરી આપવા માટે ભારપૂર્વક રજૂઆત કરી હતી.

# વલસાડ જિલ્લા શાળા ક્રીડા મંડળ દ્વારા વાપીમાં રમતોત્સવ યોજાયો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

વલસાડ જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ક્રીડા મંડળ દ્વારા વાપી પબ્લિક સ્કૂલ ખાતે ૫૩માં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકર અને જિલ્લા શિક્ષણાધિકારી ડો.રાજેશ્રી ટંડેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વલસાડ આરટીઓ કચેરીના એઆરટીઓ અને અધિકારીઓએ મંચ પર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત નાગરિકોને માર્ગ સલામતી (રોડ સેફટી) અંગે મહત્ત્વપૂર્ણ જાણકારી આપી હતી.

વધુમાં, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ માટે માર્ગ સલામતી વિષય પર ચિત્ર સ્પર્ધા અને પોસ્ટર મેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાની કલાના માધ્યમથી ટ્રાફિક જાગૃતિના સંદેશા આપતા સુંદર પોસ્ટરો તૈયાર કર્યા હતા. શાળા સંકુલમાં આ પોસ્ટરાનું એક પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. આ પોસ્ટર પ્રદર્શનની મુલાકાત મુખ્ય મહેમાન અને ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકરે પણ લીધી હતી.

# વલસાડ જિલ્લાની ૪૩ સરકારી શાળાનો રંગોત્સવ મહોત્સવ ધરમપુર ખાતે યોજાયો

**જિલ્લાની વિવિધ શાળાઓ દ્વારા કુલ ૩૬ જેટલા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૩**

વલસાડ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લાના સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે ભવ્ય રંગોત્સવ મહોત્સવનું આયોજન શ્રીમદ્ રાજચંદ્ર મિશન આશ્રમ, ધરમપુર ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના તમામ ૪૩ સરકારી શાળાઓના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. વિવિધ શાળાઓ દ્વારા કુલ ૩૬ જેટલા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં નૃત્ય, સંગીત, લોકનૃત્ય, નાટક તથા દેશભક્તિ આધારિત પ્રસ્તુતિઓ દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની છુપાયેલી પ્રતિભા અને સર્જનાત્મકતાનું સુંદર પ્રદર્શન કર્યુ હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌએ વિદ્યાર્થીઓના ઉત્સાહભર્યા પ્રદર્શનને સરાહ્યું હતું. રંગોત્સવ મહોત્સવનું મુખ્ય ઉદ્દેશ્ય સરકારી શાળાના વિદ્યાર્થીઓમાં સહઅભ્યાસ પ્રવૃત્તિ પ્રત્યે રસ વિકસે, ટીમવર્કની ભાવના મજબૂત બને તથા શૈક્ષણિક અભ્યાસ સાથે સાંસ્કૃતિક મૂલ્યાનું સંવર્ધન થાય તે હતું. આ હેતુ સિદ્ધ કરવા માટે સમગ્ર કાર્યક્રમ સુવ્યવસ્થિત આયોજન અને શિસ્તબદ્ધ વ્યવસ્થા સાથે અમલમાં મૂકાયો હતો.

કાર્યક્રમના સુચારૂ અને વ્યવસ્થિત આયોજન માટે શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો. ઉપરાંત, સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ તથા એમ.એમ.હાઈસ્કૂલ,ઉમરગામ ટ્રસ્ટ તરફથી કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને એજ્યુકેશન કિટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જે વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ સાબિત થયું હતું.

આ સમગ્ર કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને નવી દિશા મળી તેમજ શિક્ષકો અને શાળાઓ વચ્ચે સમન્વય વધ્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડો. રાજેશ્રી ટંડેલે કાર્યક્રમના સફળ આયોજન બદલ તમામ આચાર્યશ્રીઓ, શિક્ષકમિત્રો, સમિતિઓના નોડલ શ્રી સહયોગીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ આવા શિક્ષણલક્ષી અને સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમ જિલ્લા શિક્ષણાધિકારી, વલસાડ, ડૉ.રાજેશ્રી એલ. ટંડેલના માર્ગદર્શન હેઠળ આનંદ, ઉત્સાહ અને શિસ્તબદ્ધ વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# વલસાડ જિલ્લામાં ૧૨ કોમન સર્વિસ સેન્ટરની આઈડી બંધ કરવામાં આવી




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૩**

વલસાડ જિલ્લામાં કોમન સર્વિસ સેન્ટર CSC ખાતે નિયમોના પાલન મુદ્દે તપાસ હાથ ધરી હતી તેમાં નિયમોના ભમ કરનાર CSC ID તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યા છે જેના પગલે જેને પગલે સેન્ટરના સંચાલકોમાં ફાફડાટ વ્યાપી ગયો હતો.

વલસાડ જિલ્લામાં હાલ ૧૩૦૦થી વધુ કોમન સર્વિસ સેન્ટરો કાર્યરત છે આ સેન્ટરોમાં માધ્યમથી લોકોને વિવિધ સરકારી અર્ધસરકારી સેવાઓ ઓનલાઈન પૂરી પાડવાની કામગીરી કરાય છે. જોકે સેન્ટરોને આંતરિક તપાસ દરમિયાન સામે આવ્યુંહતું કે ઘણા સેન્ટર પર નિયમોનું યોગ્ય પાલન ન થયું હોય ખાસ કરીને સંચાલકોને બદલે ઓપરેટરો કામ કરતા હતા કોમન સર્વિસ સેન્ટરના બેનર લગાવેલા ન હતા તેમજ પોલીસ સર્ટિફિકેટ ન હતું. સહિતના નિયમોનો ભંગ કરી રહ્યો હતો આ બાબતને ધ્યાનમાં આવતા પ્રાથમિક તબક્કે જિલ્લામાં ૧૨ કોમન સર્વિસ સેન્ટર આઈડી બ્લોક કરી તેમની કામગીરી અટકાવી છે

ડિસટીક મેનેજર શ્રી મનીષ પ્રજાપતિએ વધુમાં સ્પષ્ટતા કરી હતી કે, આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ્ય ડિજિટલ સેવાઓનો લાભ સાચા દરે મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે હવેથી દરેક વિલેજ લેવલ એન્ટરપ્રિન્યર એટલે કે VLE સંચાલકે પોતાના કેન્દ્ર પર ફરજિયાત પણે ઓથોરાઈઝ બોર્ડ બેનર લગાવવું પડશે અને ગ્રાહકો જોઈ શકે તે રીતે તમામ સેવાઓના ભાવ દર્શાવવા પડશે આ ઉપરાંત દરેક સંચાલક પાસે માન્ય પોલીસ કિલયરન્સ સર્ટિફિકેટ હોવું પણ જરૂરી છે. જો કોઈ સંચાલક નિયમાનું ઉલ્લંઘન કરશે અથવા તો નાગરિકો પાસેથી નિયત દર કરતા વધુ ચાર્જ વસૂલ કરશે છે તો તેમના આઈડી કાયમી ધોરણે રદ કરવાની અને કાયદેસરના પગલાં લેવાની સૂચના પણ આપવામાં આવી છે.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**
**સંજય તાડા - 99244 66899**
**સુરેશ ઉમતિયા - 98259 89444**

# નવસારી જિલ્લાના બાળ કલાકારોનું દક્ષિણ ગુજરાત પ્રદેશકક્ષાએ બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શનઃ પ્રથમ ક્રમે ૩, દ્વિતીય ક્રમે ૭ અને તૃતિય ક્રમે ૬ કૃતિઓમાં વિજય હાંસલ કર્યો







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૧૩**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા યુવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ભરૂચ દ્વારા સંચાલિત 'દક્ષિણ ગુજરાત પ્રદેશકક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા૨૦૨૫-૨૬' તા. ૦૯/૦૧/૨૦૨૬ના રોજ રૂંગટા વિદ્યાભવન, જિલ્લા ભરૂચ ખાતે યોજાઈ હતી.

આ સ્પર્ધામાં દક્ષિણ ગુજરાતના કુલ ૯ જિલ્લાઓના બાળ કલાકારોએ ભાગ લીધો હતો. કુલ ૧૩ સ્પર્ધાની ૨૦ કૃતિઓમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાં નવસારી જિલ્લાના બાળ કલાકારોએ ૧૬ કૃતિઓમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય ક્રમ પ્રાપ્ત કરી જિલ્લાનું નામ રોશન કર્યુ છે.

પ્રથમ ક્રમે વકતૃત્વ 'અ' વિભાગ-શેખ ઈફત, નિબંધ લેખન 'બ' વિભાગ- પ્રજાપતિ ક્રિઝલ અને એકપાત્રીય અભિનય 'બ' વિભાગ-ઉનડકટ પ્રાંજલ, દ્વિતીય ક્રમે વક્તૃત્વ 'બ' વિભાગ-ગાંભવા રેન્સી, ચિત્રકલા 'અ' વિભાગ-પરમાર દિયાબેન, લગ્નગીત 'બ' વિભાગ-જોગડીયા જાનવી, દુહા-છંદ-ચોપાઈ (ખુલ્લો વિભાગ)-પરમાર વિરાટ, લોકગીત (ખુલ્લો વિભાગ)-પટેલ દૃષ્ટિ,ભજન(ખુલ્લો વિભાગ)-રાઠોડ ખનક અને સમૂહગીત (ખુલ્લો વિભાગ)-ડી.ડી. હાઈસ્કૂલ, પ્રાથમિક વિભાગ તથા તૃતીય ક્રમ પર નિબંધ લેખન 'અ' વિભાગ - રાઠોડ મનાલી, ચિત્રકલા 'બ' વિભાગ-પાંચોટિયા ટીયા, સર્જનાત્મક કારીગરી 'અ' વિભાગ-યાદવ અનન્યા, લગ્નગીત 'અ' વિભાગ - પટેલ દિયા, એકપાત્રીય અભિનય 'અ' વિભાગ-પટેલ ધ્યેય અને લોકનૃત્ય(ખુલ્લો વિભાગ)-ડિવાઈન પબ્લિક ઈંગ્લિશ મિડિયમ સ્કૂલએ મેળવેલ છે.

આમ, સમગ્ર દક્ષિણ ગુજરાત પ્રદેશમાં પ્રથમ ક્રમની ૦૩ કૃતિઓ, દ્વિતીય ક્રમની ૦૭ કૃતિઓ અને તૃતીય ક્રમની ૦૬ કૃતિઓ મેળવી કુલ ૧૬ કૃતિઓમાં વિજય હાંસલ કરી નવસારી જિલ્લાએ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી છે, જે જિલ્લા માટે ગૌરવની બાબત છે.

પ્રદેશકક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં પ્રથમ તથા દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરેલ બાળ કલાકારો આગામી યોજાનાર રાજ્યકક્ષા બાળપ્રતિભા શોધ સ્પર્ધામાં નવસારી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે તેમ નવસારી જિલ્લા યુવા વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવેલ છે.